
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૩ * અંક-૨ * ઓક્ટોબર, ૨૦૧૮



જે સહજ આત્મસ્વરૂપમાં ગુપ્ત થઈને રહે છે, સ્વસન્મુખ થઈને સ્વરૂપમાં ઠરે છે તે બદ્ધ-અબદ્ધના પક્ષના રાગમાં ઊભો રહેતો નથી; રાગનાં જાળાં છોડીને જેનું ચિત્ત શાંત થયું છે તે નિજ આત્માના આનંદામૃત-સ્વભાવનો સ્વાદ લે છે, આકુળતાનો અભાવ થઈને નિરાકુળ નિજ શાંતરસનો સ્વાદ લે છે, નયપક્ષના ત્યાગની ભાવનાને નચાવીને આત્માના અમૃતને પીએ છે.

–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● સંસાર-મોક્ષની કરવાવાળી પરિણતિ છે. નિજપરિણતિ મોક્ષ છે, પરપરિણતિ સંસાર છે. પણ તે સત્સંગથી અનુભવી જીવના નિમિત્તથી નિજપરિણતિ સ્વરૂપની થાય, વિષમમોહ મટે, પરમાનંદને ભેટે, સ્વરૂપ પામવાનો રાહ સંતોએ સહેલો (સરળ) કર્યો છે. ૧૬૯૪. (શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૩૨)

● જો દેહાદિક પ્રત્યે પરમાણુ જેટલી પણ મૂર્છા વર્તતી હોય, તો તે ભલે સર્વ આગમધર હોય તોપણ સિદ્ધિ પામતો નથી. ૧૬૯૫.

(શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા-૨૩૯)

● ઉન્મત્ત પુરુષની માફક તથા વાયુથી તરંગિત સમુદ્રના તરંગોની માફક આ ભોગાભિલાષા જીવોને કેવળ મિથ્યાત્વકર્મના વિપાકથી (વિપાકવશ થવાથી) વ્યર્થ જ સ્ફૂરે છે. ૧૬૯૬. (શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૫૫૩)

● જ્યાં ઘણા સર્પો છે તેવા વનમાં જે પુરુષ મંત્ર રહિત, વિદ્યા રહિત તથા ઔષધ રહિત છે, તે અત્યંત અપ્રમાદી અર્થાત્ સાવધાન થઈને રહે છે. તેવી રીતે ક્ષાયિક સમ્યક્ત્વ, કેવલજ્ઞાન તથા યથાખ્યાત—ચારિત્રરૂપ જે મંત્ર-વિદ્યા-ઔષધ રહિત સાધુ પણ રાગાદિક સર્પ વડે વ્યાપ્ત જે વિષયરૂપ વન, તેમાં પ્રમાદી થઈને વસતાં નથી, સાવધાન જ રહે છે. ૧૬૯૭.

(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૧૬૯)

● ઈસ સંસારમેં ચોરાશી લાખ યોનિ ઉનકે નિવાસમેં ઐસા કોઈ પ્રદેશ નહીં હૈ જિસમેં ઈસ જીવને દ્રવ્યલિંગી મુનિ હોકર ભી ભાવરહિત હોતા હુઆ ભ્રમણ ન કિયા હો. ૧૬૯૮. (શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૪૭)

● અજ્ઞાની-બહિરાત્મા જેમાં શરીર-પુત્ર-મિત્રાદિ બાહ્ય પદાર્થોમાં વિશ્વાસ કરે છે તેનાથી—શરીરાદિ બાહ્ય પદાર્થોથી બીજું કોઈ ભયનું સ્થાન નથી અને જેનાથી—પરમાત્મસ્વરૂપના અનુભવથી તે ડરે છે તેનાથી બીજું કાંઈ આત્માને નિર્ભયતાનું સ્થાન નથી. ૧૬૯૯. (શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૨૯)

● જે જીવ આપદાથી મૂર્ચ્છિત થયેલો છે તે તો પાણીની એક અંજલી છાંટવાથી પણ જીવંત થઈ જાય છે, પણ જે ગતજીવ છે—મૃત્યુ પામ્યો છે તેને તો હજારો ઘડા પાણી રેડવાથી પણ શું ? (—તેમ જે જીવમાં પાત્રતા છે તે તો થોડાક ઉપદેશ વડે પણ જાગૃત થઈ જાય છે, પણ જે જીવ પાત્ર નથી તેને તો હજારો શાસ્ત્રોનો ઉપદેશ પણ નિષ્ફળ છે.) ૧૭૦૦. (મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૨૨૨)

વર્ષ–૧૩
અંક–૨




વિ. સંવત ૨૦૭૪
Octomber A.D. 2018

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર




## શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




### આત્મ-તિરસ્કારી પુદ્ગલ-પરિણામોનો સત્કાર છોડ

આત્માનો તિરસ્કાર કરનારા શુભાશુભભાવો તે પુદ્ગલના પરિણામો છે, દયા-દાનાદિના પરિણામોમાં ચેતનનો અંશ નથી તેથી તેઓ અચેતન હોવાથી પુદ્ગલના પરિણામો છે. અનાદિથી તેના વડે લાભ માનતો થકો આ જીવ અપ્રતિબુદ્ધ રહ્યો છે. જ્યાં સુધી શુભભાવથી લાભ થવો માની રહ્યો છે ત્યાં સુધી અજ્ઞાની જ રહેશે. દયા-દાન-વ્રત-તપાદિના પરિણામો આત્માના તિરસ્કાર કરનારા પુદ્ગલ પરિણામો છે, તેનો સત્કાર કરીશ તો આત્માનો તિરસ્કાર થશે; માટે તેનું લક્ષ છોડ.

શિષ્ય પૂછે છે કે આ જીવ ક્યાં સુધી અપ્રતિબુદ્ધ-અજ્ઞાની છે ? ને ક્યારે પ્રતિબુદ્ધ-જ્ઞાની થશે ? શિષ્યના એવા પ્રશ્નનું સમાધાન સમયસારની આ ગાથા દ્વારા આચાર્યદેવ કરાવે છે.

નોકર્મ-કર્મે 'હું', હું માં વળી 'કર્મ ને નોકર્મ છે,'
—એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે. ૧૯.

જીવ અપ્રતિબુદ્ધ ક્યાં સુધી છે ને પ્રતિબુદ્ધ ક્યારે થશે તે વાત દૃષ્ટાંતથી સમજાવે

નરક-તને નારક ગણે, પરમાર્થે નથી એમ,
અનંત ધી-શક્તિમયી, અચળરૂપ, નિજવેદ્ય. ૯. —શ્રી સમાધિતંત્ર

છે. જેમ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવોમાં તથા પહોળું, તળીયું, પેટાળ, કાંઠલો આદિ આકારે પરિણત થયેલા પુદ્‌ગલના સ્કંધોમાં 'આ ઘડો છે' એમ અનુભવ થાય છે તથા ઘડામાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવો તથા ઘડાના આકારે પરિણત પુદ્‌ગલ સ્કંધો છે તેમ અનુભૂતિ થાય છે. તેવી રીતે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મમાં 'આ હું છું' ને મારામાં દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મ છે એવી અનુભૂતિ થાય છે ત્યાં સુધી જીવ અપ્રતિબુદ્ધ અજ્ઞાની છે.

શરીર, વાણી, મન, પૈસા આદિ નોકર્મ તો પુદ્‌ગલ પરિણામ છે ને જ્ઞાનાવરણાદિ પણ પુદ્‌ગલ પરિણામ છે પરંતુ શુભ-અશુભભાવો પણ પુદ્‌ગલના પરિણામો છે. વ્યવહાર-ચારિત્રરૂપ પંચ-મહાવ્રત કે અણુવ્રતના વિકલ્પો, દયા-દાનાદિના વિકલ્પો તથા હિંસા-ચોરી આદિના અશુભ વિકલ્પો—સઘળાય પુદ્‌ગલ-પરિણામો છે.

શુભાશુભભાવમાં ચૈતન્ય ચમત્કારનો અંશ નથી, જ્ઞાનનો અંશ નથી તેથી તેઓ અચેતન છે. અચેતનના પરિણામથી આત્માને લાભ થવો જ્યાં સુધી જીવ માને છે ત્યાં સુધી અજ્ઞાની-મૂઢ છે. દયા-દાનના પરિણામ અચેતન છે, રાગના પરિણામ અચેતન છે, તેથી પુદ્‌ગલ-પરિણામમાં 'આ હું છું' એમ જે માને છે, અનુભવે છે તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે.

શુભાશુભરૂપ ભાવકર્મોથી સંસાર જ ફળે છે, ચાર-ગતિમાં ભ્રમણ થાય છે. ને આત્માનો સ્વભાવ તો સંસારના અભાવ સ્વરૂપ જ છે તેથી ભાવકર્મો આત્માનો તિરસ્કાર કરનારા પુદ્‌ગલના પરિણામો છે. આત્માના સ્વભાવથી વિરુદ્ધ સ્વભાવના હોવાથી ભાવકર્મો આત્માનો તિરસ્કાર કરનારા પુદ્‌ગલ-પરિણામ છે. તે ભાવકર્મોમાં હું છું ને મારામાં ભાવકર્મો છે એમ જ્યાં સુધી જીવ માને છે ત્યાં સુધી અજ્ઞાની છે.

આત્માની તથા ભાવકર્મની, દ્રવ્યકર્મની તથા નોકર્મની ભિન્ન-ભિન્ન અસ્તિ તો છે જ. પણ તેને ભિન્નપણે નહીં સ્વીકારતાં આત્મા સાથે તેનો અભેદ અનુભવ જ્યાં સુધી જીવ કરે છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે.

જ્યાં સુધી આત્મ-તિરસ્કારી પુદ્‌ગલ પરિણામનો પ્રેમ કરીશ, તેનો આદર-સત્કાર કરીશ, તથા તેનો અભેદરૂપ અનુભવ કરીશ ત્યાં સુધી તારા આત્માનો અનાદર થશે, માટે તે પરિણામનો પ્રેમ છોડ.

**નિજ શરીર સમ દેખીને પરજીવયુક્ત શરીર,**
**માને તેને આતમા, બહિરાતમ મૂઢ જીવ. ૧૦.** **–શ્રી સમાધિતંત્ર**

હવે આ જીવ પ્રતિબુદ્ધ ક્યારે થશે તે દૃષ્ટાંતથી સમજાવે છે કે જેમ દર્પણની સ્વચ્છતા દર્પણને બતાવે છે તથા અગ્નિની જ્વાળા આદિને પણ દર્શાવે છે. તોપણ દર્પણમાં દેખાતો સ્વ-પરના આકારનો પ્રતિભાસ-પ્રતિબિંબ તે દર્પણની સ્વચ્છતાની જ અવસ્થા છે. તે કાંઈ અગ્નિની અવસ્થા નથી, પ્રતિબિંબિત વસ્તુની અવસ્થા નથી. વળી જેવા પદાર્થો દર્પણની સામે હોય તેવું પ્રતિબિંબ દેખાડવું તે દર્પણની સ્વચ્છતાનો સ્વભાવ હોવાથી પ્રતિબિંબિત પદાર્થના લીધે પ્રતિબિંબ પડતું નથી પણ દર્પણની સ્વચ્છતાને લીધે જ પ્રતિબિંબ પડે છે.

તેવી રીતે જ્ઞાર્તૃતા તે જ આત્માની છે અર્થાત્ સ્વ-પરને જાણનાર જ્ઞાનસ્વરૂપ આત્મા છે અને ભાવકર્મ, દ્રવ્યકર્મ ને નોકર્મ પુદ્‌ગલના પરિણામ છે. જ્ઞાનસ્વરૂપી જ્ઞાયકને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તેનું જ્ઞાન કરવું તથા પરજ્ઞેયોને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તે સંબંધનું જ્ઞાન થવું તે જ્ઞાનનો સ્વતઃસિદ્ધ સ્વભાવ જ છે. પરદ્રવ્યો છે માટે તેનું જ્ઞાન થયું એવો પરતંત્ર સ્વભાવ જ નથી.

વ્યવહારચારિત્રનો જે વિકલ્પ ઊઠે છે તેનું જ્ઞાન થાય છે તે જ્ઞાનની અવસ્થા છે. પરદ્રવ્યનું જ્ઞાન થાય છે તે જ્ઞાનની અવસ્થા છે, પરદ્રવ્યની અવસ્થા નથી. સ્વ-પરને જાણતું જ્ઞાન તે જ્ઞાનની અવસ્થા છે ને તેનું કારણ જ્ઞાન પોતે જ છે. પરદ્રવ્યો છે માટે જ્ઞાન તેને જાણે છે તેમ છે જ નહીં.

સ્વ-પરને જાણવારૂપ જ્ઞાતૃતા પોતાની જ છે, આત્માનો સહજ સ્વભાવ છે. તેથી તે પોતાને લીધે જ છે, પરદ્રવ્યના લીધે છે જ નહીં. લોકાલોક છે માટે કેવળજ્ઞાનની પર્યાય તેને જાણે છે તેમ નથી, પણ જ્ઞાનના પોતાના સામર્થ્યને લીધે લોકાલોકને જાણે છે.

એ રીતે જ્યારે જીવ એમ જાણે કે આ જાણનારો છે તે આત્મા છે, જ્ઞાતા છે તે આત્મા છે ને ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મ છે તે પુદ્‌ગલના છે—એવા ભેદજ્ઞાનપૂર્વક અનુભૂતિ થાય ત્યારે જીવ પ્રતિબુદ્ધ થાય છે, જ્ઞાની થાય છે.

સ્વ-પરની ભિન્નતાનું આવું ભેદજ્ઞાન કાં તો પોતાની મેળે થાય અથવા તો ગુરુના ઉપદેશથી થાય ત્યારે જીવ પ્રતિબુદ્ધ-જ્ઞાની થાય છે. (ક્રમશઃ)

**વિભ્રમ પુત્ર-રમાદિગત આત્મ-અજ્ઞાને થાય.**
**દેહોમાં છે જેહને આતમ-અધ્યવસાય. ૧૧. –શ્રી સમાધિતંત્ર**



# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૯-૫-૪૪, મંગળવાર) વ્યાખ્યાન નં. ૧૯
(ગાથા ૧૯)

અહીં સુધી અનેક પ્રકારે જીવદ્રવ્યની ઓળખાણ આપી ઘણા ઘણા પડખેથી જીવદ્રવ્યનું વર્ણન કર્યું. હવે જીવ અધિકાર પૂરો કરતાં છેલ્લી ગાથામાં આચાર્ય શ્રી કુંદકુંદભગવાન બે નયોની સાર્થકતા બતાવે છે :—

**दव्वत्थिएण जीवा वदिरित्ता पुव्वभणिदपज्जाया।**
**पज्जयणयेण जीवा संजुत्ता होंति दुविहेहिं॥१९॥**

**द्रव्यार्थिकेन जीवा व्यतिरिक्ता पूर्वभणितपर्यायात्।**
**पर्यायनयेन जीवाः संयुक्ता भवन्ति द्वाभ्याम्॥१९॥**

દ્રવ્યાર્થિકનયે પૂર્વે કહેલી અર્થપર્યાય અને વ્યંજનપર્યાયોથી જીવ જુદો છે, પરંતુ પર્યાયાર્થિકનયે જીવ તે પર્યાયો સહિત છે—આવો બંને નયોનો અભિપ્રાય છે. સર્વજ્ઞ ભગવાને આત્મપદાર્થને સત્તામાત્ર અવિકારીપણે પણ જોયો છે અને સમયે સમયે વિકારીપણે બદલતો પણ જોયો છે. એટલે વસ્તુને જાણવાનાં બે પડખાં છે : (૧) ત્રિકાળ અવિકારી સ્વભાવને જોનાર દ્રવ્યાર્થિક અને (૨) વર્તમાન પૂરતી અવસ્થાને જોનાર પર્યાયાર્થિકનય. આત્મા વસ્તુ છે, તેમાં અનંત ગુણો છે, અને દરેક ગુણની સમયે સમયે અવસ્થા થાય છે. એક ગુણની એક સમયે એક જ અવસ્થા પ્રગટ હોય, બાકીનું બધું સત્તારૂપે—ધ્રુવરૂપે છે, એટલે કે એક સમય પૂરતી પ્રગટ અવસ્થાને લક્ષમાં ગૌણ કરીને જો ત્રિકાળી દ્રવ્યને જુઓ તો તે કાયમ એકરૂપ છે, તેમાં બંધ—મોક્ષ, વિકાર નથી, અને અવસ્થાદૃષ્ટિએ જોતાં એક સમયની અવસ્થામાં બંધ-મોક્ષ છે.

વસ્તુને બે પડખેથી જોવાય, એક તો ત્રિકાળી સામર્થ્યરૂપ સ્વભાવદૃષ્ટિથી અને બીજું—વર્તમાન અવસ્થારૂપ પર્યાયદૃષ્ટિથી. આ બંને જ્ઞાનનાં પડખાં છે—તેને નય કહેવામાં આવે છે. નય એટલે સાચા જ્ઞાનનો એક અભિપ્રાય.

વસ્તુમાં અનંત ગુણો છે, વર્તમાન અવસ્થામાં તે બધા ગુણ પૂરા પ્રગટ ન હોય,

**આ ભ્રમથી અજ્ઞાનમય દૃઢ જામે સંસ્કાર;**
**અન્ય ભવે પણ દેહને આત્મા ગણે ગમાર. ૧૨.** —શ્રી સમાધિતંત્ર

પણ તે ગુણની એક અવસ્થા જ પ્રગટ હોય, એક ગુણની બધી અવસ્થા વર્તમાન એક સમયમાં પ્રગટ ન હોય; એક સમયની પ્રગટ અવસ્થા વખતે દ્રવ્ય-ગુણ-પર્યાયથી અભેદ પરિપૂર્ણ દ્રવ્યસ્વભાવ સત્તારૂપ છે. આખો સત્તાસ્વભાવ છે તે દૃષ્ટિએ જોવું તેને દ્રવ્યાર્થિકનય કહે છે; અને વર્તમાન પર્યાયને જોવી તે પર્યાયાર્થિકનય છે. બે નયોની અપેક્ષાપૂર્વકનો ઉપદેશ જ જૈનોને માન્ય છે. (જો બે નયોની અપેક્ષા ન રાખવામાં આવે તો સર્વથા એકાંત થઈ જાય, તે માન્ય નથી, કેમકે વસ્તુનું સ્વરૂપ એકાંત નથી.)

વસ્તુને જાણતાં બે અપેક્ષાઓ પડે છે : એક, ત્રિકાળ નિર્મળ છે તે વસ્તુને જોનારી દૃષ્ટિ અને બીજી સમયે સમયે અવસ્થા થાય છે તેને જોનારી દૃષ્ટિ. આત્મા અસંખ્ય પ્રદેશી છે, તે પ્રદેશોની અવસ્થા પંદરમી ગાથામાં વિસ્તારથી કહી છે. આત્માના પ્રદેશોનો મનુષ્યાકૃતિરૂપ વિકારી આકાર એક જ સમયનો છે—તે વિભાવવ્યંજનપર્યાય છે. શરીરના નિમિત્ત કારણથી આત્માના પ્રદેશોમાં જે આકાર થાય છે તે વ્યંજનપર્યાય વિકારી છે, અને આત્માના (પ્રદેશત્વ ગુણ સિવાયના) ગુણોનું બદલવું તે અર્થપર્યાય છે. આ બંને પર્યાયો એક સમય પૂરતી છે તેને લક્ષમાં લેનાર જ્ઞાનના પડખાને પર્યાયાર્થિકનય કહેવાય છે, અને તે પર્યાયરહિત આખું દળ જે ત્રિકાળ એકરૂપ છે તેને લક્ષમાં લ્યે તે જ્ઞાનને દ્રવ્યાર્થિકનય કહે છે. દ્રવ્યાર્થિકનયથી વસ્તુ એકરૂપ નિરપેક્ષ છે તેમાં વિકાર કે બંધ-મોક્ષ નથી, પણ તેથી કાંઈ વર્તમાન રાગાદિવાળી અવસ્થા છે જ નહિ—એમ નથી. જો તે અવસ્થા ન હોય તો પર્યાયાર્થિકનય જ રહે નહિ અને એકાંતવાદનો પ્રસંગ આવી પડે. પણ વર્તમાન એક સમય પૂરતી અવસ્થાને જોતાં બંધ—મોક્ષ છે, વિકાર છે, તે અવસ્થાને લક્ષમાં લેનાર જ્ઞાનને પર્યાયાર્થિકનય કહે છે. જેમ કોઈ ૬૦ વર્ષની ઉંમરનો માણસ હોય, તેને એકેક સમય કરતાં કરતાં ૬૦ વર્ષ થયા છે, તેને જોતાં એકલું સામાન્ય માણસપણું લક્ષમાં લેવું તે જ્ઞાનની અપેક્ષાનો એક ભાગ છે તેને દ્રવ્યાર્થિકનય કહેવાય, અને ક્ષણ ક્ષણ પૂરતી બાલ-યુવાન વગેરે અવસ્થાને લક્ષમાં લેવી તેને પર્યાયાર્થિકનય કહે છે. મનુષ્યની ૬૦ વર્ષની અવસ્થા એક સમયે તો આવી ગઈ નથી. ૬૦ વર્ષમાં વર્તમાન તો એક જ સમય હોય, એક-એક સમય કરતાં ૬૦ વર્ષ થયા છે; તેમ આત્મા અનાદિ અનંત વસ્તુ છે, ત્રિકાળ એકરૂપ અનંત ગુણનો પિંડ છે. દરેક ગુણમાં અનાદિ-અનંત કાળની અવસ્થાનું સામર્થ્ય છે. એક સમયની અવસ્થામાં આખી વસ્તુ કે ગુણ ન આવી જાય, તેમ જ આખી વસ્તુ એક સમયની અવસ્થા જેટલી ન થઈ જાય. વસ્તુ એક સમય પૂરતી નથી. જો વસ્તુ એક સમય પૂરતી હોય તો એક સમય બદલીને બીજો સમય આવતાં આખી વસ્તુનો નાશ થઈ જાય.

**દેહબુદ્ધિ જન આત્મને કરે દેહસંયુકત,**
**આત્મબુદ્ધિ જન આત્મને તનથી કરે વિમુકત. ૧૩.** **–શ્રી સમાધિતંત્ર**

આ વસ્તુનો ધર્મ કહેવાય છે. ધારી રાખે તે ધર્મ. પોતાના ગુણ-પર્યાયને ટકાવી રાખવા તે વસ્તુનો ધર્મ છે. ક્ષણે ક્ષણે થતી અવસ્થાને અને ગુણને વસ્તુ ટકાવી રાખે છે– ધારી રાખે છે. રાગાદિ વિકારી ક્ષણિક અવસ્થાને પણ વસ્તુ એક સમય માત્ર ટકાવી રાખે છે, તેથી તે વિકારી ધર્મ છે. દ્રવ્ય જુદું અને તેની વિકારી અવસ્થા તેનાથી જુદી એમ નથી, પણ દ્રવ્યની અવસ્થામાં એક સમય પૂરતો વિકાર છે તે બતાવવા વિકારને ટકાવી રાખવો તેને પણ ધર્મ કહ્યો છે. અહીં ધર્મ શબ્દ, 'ત્રિકાળી સ્વભાવ' એ અર્થમાં નથી. વિકારી પર્યાયને ધારણ કરી રાખે છે તે વસ્તુનો ધર્મ છે; અહીં જે 'ધર્મ' કહ્યો તે મોક્ષનું કારણ નથી, પણ ક્ષણિક અવસ્થા છે તે બતાવવા માટે તેને ધર્મ કહ્યો છે. આત્માના નિર્મળ સ્વાભાવિક ગુણો તે ત્રિકાળી ધર્મ છે, અને અવસ્થામાં વિકાર છે તે ક્ષણિક ધર્મ છે. એક ક્ષણિક ધર્મ અને બીજો ત્રિકાળી ધર્મ એટલે કે વર્તમાન અવસ્થા અને ત્રિકાળી સ્વભાવ; એમ બે પડખાં પાડ્યાં, તેને જાણનાર જ્ઞાનનાં બે પડખાં તે દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય છે. ત્રિકાળી સ્વભાવને મુખ્ય કરીને અને અવસ્થાને ગૌણ કરીને, ત્રિકાળ એકરૂપ મુક્ત જ છું, બંધ-મોક્ષ સ્વભાવમાં નથી, એમ ત્રિકાળ અવિચળ (ચળપણા રહિત, ફેરફાર રહિત) સ્વભાવને લક્ષમાં લેવો તે દ્રવ્યાર્થિકનય છે; પણ અવસ્થામાં રાગાદિ છે તેનું પણ જ્ઞાન હોવું જોઈએ. જો અવસ્થામાં રાગાદિ સર્વથા ન જ હોય તો પરમાનંદ મુક્તદશા પ્રગટ હોય અને પરમાનંદ મુક્તદશા હોય તો સમજવાનો ઉપદેશ આપવાનું કે ઉપદેશ સાંભળવાનું પણ ન હોય. પરંતુ હજી અધૂરી અવસ્થા છે ત્યાં રાગાદિ છે, તેનું જ્ઞાન કરવું તે પર્યાયાર્થિકનય છે.

રાગાદિ તે અર્થપર્યાય છે, અને આત્મપ્રદેશોનો આકાર તે વ્યંજનપર્યાય છે. જેટલી જગ્યાને એક નાનામાં નાનો પરમાણુ રોકે તેટલી જગ્યાને એક 'પ્રદેશ' કહેવાય છે. એવા અસંખ્ય પ્રદેશને રોકે તેટલો એક આત્મા પહોળો છે, એટલે કે આત્મા અસંખ્યપ્રદેશી છે. શરીરાકારે તે પ્રદેશોની અવસ્થા તે વ્યંજનપર્યાય છે. વ્યંજનપર્યાય પણ ક્ષણિક છે, તે અવસ્થાને લક્ષમાં લેવી તે પર્યાયાર્થિકનય છે. આત્માના ત્રિકાળ એકરૂપ અનાદિ અનંત સ્વભાવને લક્ષમાં લેવો તે વસ્તુદૃષ્ટિ છે.

આત્મામાં જે હાલત થાય તે હાલત પૂરતો આત્મા નથી નિર્મળપર્યાય જેટલો પણ આત્મા નથી. જો આત્મા નિર્મળ પર્યાય જેટલો જ હોય તો તે નિર્મળ પર્યાય પછી બીજી પર્યાય ક્યાંથી આવે? આત્માની જે જે અવસ્થા થાય તે બધી–ત્રણેકાળની અવસ્થાનું

દેહે આતમબુદ્ધિથી સુત-દારા કલ્પાય;
તે સૌ નિજ સંપત ગણી, હા! આ જગત હણાય. ૧૪. –શ્રી સમાધિતંત્ર

સામર્થ્ય વસ્તુમાં ત્રિકાળ પૂરું છે, તેને લક્ષમાં લેવું તેને દ્રવ્યદૃષ્ટિ, તત્ત્વદૃષ્ટિ, પરમાર્થદૃષ્ટિ, વસ્તુદૃષ્ટિ, સાચી દૃષ્ટિ અથવા દ્રવ્યાર્થિકનય કહેવાય છે.

બે નયો છે–તે બંને નયોનું જ્ઞાન હોવું જોઈએ. મનુષ્યપર્યાય, દેવપર્યાય વગેરેરૂપ ક્ષણે ક્ષણે જે આકાર થાય છે તે વ્યંજનપર્યાય (આત્માના પ્રદેશત્વ ગુણની પર્યાય) છે. તે સમય પૂરતી છે, તેને જો ન જાણે તો આખી વસ્તુનું પૂરું જ્ઞાન નથી; અને પર્યાયને જ જાણે પણ ગુણ પર્યાયના સમૂહથી પૂર્ણ ત્રિકાળી વસ્તુને ન જાણે તોપણ જ્ઞાન પૂરું નથી અર્થાત્ તે જ્ઞાન સાચું નથી. અનંત ગુણપર્યાયોથી અભેદ દ્રવ્યને લક્ષમાં લેવું તે દ્રવ્યાર્થિકનય અને વર્તમાન અવસ્થાને લક્ષમાં લેવી તે પર્યાયાર્થિકનય–તે બન્ને થઈને જ્ઞાન સાચું થાય છે.

આ તો વિષય બહુ સરસ આવ્યો છે. આ તો અનાદિની ઊંઘ ઉડાડવાનાં ટાણાં આવ્યા છે અને આવે વખતે ઝોકાં કેમ આવે.......? આત્માની દરકાર કરીને બરાબર સમજવું જોઈએ.

બે અપેક્ષાઓ બરાબર સમજવી જોઈએ. બે અપેક્ષાઓ ઉપર આખા જૈનસમાજનું કથન છે. જૈનશાસન એટલે વસ્તુસ્વભાવ. વસ્તુસ્વભાવ બે અપેક્ષાદ્વારા સમજાવી શકાય છે. ત્રિલોકનાથ તીર્થંકર દેવાધિદેવ સર્વજ્ઞ ભગવાને પોતાના પૂર્ણ જ્ઞાનમાં જેવો પૂરો વસ્તુસ્વભાવ જાણ્યો તેવો જ સ્વભાવ કહ્યો છે. સાંભળનારનું જ્ઞાન ઊણું છે પણ વસ્તુસ્વભાવ પૂરો છે; ઊણા જ્ઞાનમાં પૂરો વસ્તુસ્વભાવ એક સાથે આવી શકતો નથી તેથી અપેક્ષા દ્વારા વસ્તુના પડખાંને મુખ્ય-ગૌણ કરીને સમજાવવામાં આવે છે. જો વસ્તુસ્વભાવમાં પરિપૂર્ણતા ન હોય તો મુખ્ય-ગૌણ કરીને પૂર્ણતા સમજાવવાનું હોય નહિ અને જો જ્ઞાન પુરું હોય તોપણ ભેદ પાડીને સમજાવવું પડે નહિ, કેમ કે પૂરા જ્ઞાનમાં તો પૂરી વસ્તુનું (દ્રવ્ય-પર્યાયનું) જ્ઞાન એક સાથે હોય છે, પણ જ્ઞાન અધૂરું છે એટલે તે દ્રવ્ય-પર્યાયસ્વરૂપ પૂર્ણ વસ્તુને એક સાથે લક્ષમાં લઈ શકતું નથી, માટે મુખ્ય-ગૌણ કરીને સમજાવવું પડે છે.

ઘણા પરમાણુઓ મળીને તેની લાકડારૂપ અવસ્થા થઈ, તે લાકડારૂપ અવસ્થા સમયે સમયે બદલાય છે. લાકડારૂપ અવસ્થા જેટલી વસ્તુ નથી, પણ વસ્તુ તો ત્રિકાળ પરમાણુ છે તેની 'લગભગ સરખી' અવસ્થા અમુક કાળ રહે છે તેથી 'લાકડું મૂળ વસ્તુ છે' એમ, મૂળ વસ્તુ ન જાણનારાને ભ્રમ પડે છે. મૂળ વસ્તુ તો પરમાણુઓ છે, લાકડું

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૭ ઉપર)

ભવદુઃખોનું મૂળ છે દેહાતમધી જેહ;
છોડી, રુદ્ધેન્દ્રિય બની, અંતરમાંહી પ્રવેશ. ૧૫. –શ્રી સમાધિતંત્ર



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે જીવનું લોકપ્રમાણપણું અને દેહપ્રમાણપણું કહે છે :—

**लोयपमाणो जीवो देहपमाणो वि अच्छदे खेत्ते ।**
**उग्गाहणसत्तीदो संहरणविसप्पधम्मादो ॥१७६॥**

અર્થ :—જીવ લોકપ્રમાણ છે. વળી દેહપ્રમાણ પણ છે; કારણ કે તેમાં સંકોચ-વિસ્તારધર્મ હોવાથી એવી અવગાહનશક્તિ તેમાં છે.

ભાવાર્થ :—લોકાકાશના અસંખ્યાતપ્રદેશ છે તેથી જીવના પણ તેટલા જ પ્રદેશ છે. કેવલસમુદ્દ્ઘાત કરે તે વેળા તે લોકપૂરણ થાય છે. વળી સંકોચ-વિસ્તારશક્તિ તેમાં છે તેથી જેવો દેહ પામે તેટલા જ પ્રમાણ તે રહે છે અને સમુદ્દ્ઘાત કરે ત્યારે તેના પ્રદેશ દેહથી બહાર પણ નીકળે છે.

દરેક જીવ અસંખ્યપ્રદેશી છે. તેનો આકાર દેહપ્રમાણ છે. અને કોઈ સમયે વિસ્તાર થતા તે લોકપ્રમાણ પણ થાય છે, એવી તેનામાં સંકોચ-વિસ્તાર થવાની યોગ્યતા છે. આત્મા હમેશા લોકવ્યાપક નથી. આત્માનો વિચાર, આનંદ અને વેદન પોતાના સ્વપ્રદેશમાં જ થાય છે. પોતાનું ક્ષેત્ર દેહપ્રમાણ છે. એક જીવને વીંછી ડંખ મારે અને દુઃખનું વેદન થાય. તે સમયે બીજો જીવ તેના શરીરને સ્પર્શ કરે તો તેને તેવા દુઃખનું વેદન થશે નહીં. કેમકે બંને જીવ અલગ-અલગ છે. આ જીવ પોતાના દેહપ્રમાણ છે, પોતાના જ્ઞાન-આનંદસ્વરૂપના ભાનપૂર્વક ધર્મી જીવ એવું સત્ય વિચારણા-ચિંતન કરે છે. આત્માના ભાન વગર વિચાર કરે તો તે વસ્તુની ભાવના નથી પરંતુ શુભરાગ છે તો પછી જે આવા ઊંધા વિચારો કરે છે કે બધા મળીને એક જ આત્મા છે અથવા આત્મા સર્વથા સ્વવ્યાપક છે—એવા જીવ તો તીવ્ર મિથ્યાત્વનું સેવન કરે છે.

જીવને સ્વભાવથી ઊંધો માનવાવાળાને કોઈપણ પ્રકારે ધર્મ થઈ શકતો નથી. માટે જીવનું યથાર્થ સ્વરૂપ જાણ્યા પછી તેની ભાવના યથાર્થ થાય છે, જાણ્યા વગર ભાવના કોની ?

**અનાદિચ્યુત નિજરૂપથી, રહ્યો હું વિષયાસક્ત,**
**ઇન્દ્રિયવિષયો અનુસરી, જાણ્યું નહિ ‘હું’ તત્ત્વ. ૧૬.　　–શ્રી સમાધિતંત્ર**

લોકની બહાર ચારે તરફ આકાશ છે, તે તો અનંતપ્રદેશી છે. પરંતુ આ લોકાકાશના પ્રદેશ અસંખ્યાત છે. જેટલા લોકના પ્રદેશ છે તેટલા જ દરેક જીવના પ્રદેશ છે અને આવા અનંત જીવ અલગ-અલગ છે. આત્માના પ્રદેશ, સંખ્યાથી તો હમેશા લોકપ્રમાણ અસંખ્યાત જ છે. તેમાં ઓછા-વધારે નથી થતા. પરંતુ તેના આકારમાં સંકોચ-વિસ્તાર થવાની જીવની શક્તિ છે. જીવનો આકાર દેહપ્રમાણ છે અને કેવળી ભગવાન પણ સમુદ્‌ઘાત સમયે તેના પ્રદેશો ફેલાઈને લોકપ્રમાણ આકાર થાય છે. કેવળી ભગવાન સિવાય બીજા કોઈ જીવને સમુદ્‌ઘાત થાય ત્યારે તેના પ્રદેશો વિસ્તારને પામીને શરીરની બહાર ફેલાઈ જાય છે. માટે આત્મા હમેશા દેહપ્રમાણ નથી તથા હંમેશા લોકપ્રમાણ પણ નથી.

જુઓ કર્મને કારણે આત્માનો આકાર (દેહપ્રમાણ) નથી પરંતુ આત્મામાં જ સંકોચ-વિસ્તાર થવાની યોગ્યતા છે, આ કારણે દેહપ્રમાણ આત્માનો આકાર છે.

હવે કોઈ અન્યમતી જીવને સર્વથા સર્વગત જ કહે છે તેનો નિષેધ કરે છે :—

**सव्वगओ जदि जीवो सव्वत्थ वि दुक्खसुक्खसंपत्ती ।**
**जाइज्ज ण सा दिट्ठी णियतणुमाणो तदो जीवो ।।१७७।।**

અર્થ :—જો જીવ સર્વગત જ હોય તો સર્વ ક્ષેત્રસંબંધી સુખ-દુઃખની પ્રાપ્તિ તેને જ હોય પણ એમ જોવામાં આવતું નથી. પોતાના શરીરમાં જ સુખ-દુઃખની પ્રાપ્તિ જોઈએ છીએ, તેથી પોતાના શરીરપ્રમાણ જ જીવ છે.

જો આત્મા, હમેશા સર્વગત જ હોય તો જગતના સમસ્ત ક્ષેત્રોના સુખ-દુઃખનો અનુભવ થવો જોઈએ પરંતુ તેમ છે નહીં. બીજાના શરીરને વીંછી ડંખ મારે તો તેનું દુઃખ પોતાને થતું નથી પરંતુ આ શરીરને વીંછી ડંખ મારતા શરીર પ્રત્યેના પોતાપણાના કારણે દુઃખ થાય છે, માટે આત્મા સ્વદેહપ્રમાણ જ છે.

આ આત્મા, પરના દેહમાં વ્યાપક નથી. દરેક જીવનું પરથી અલગપણું છે. શરીરને વીંછીએ કરડ્યો, તેના કારણે દુઃખ થયું—એમ સમજવું ન જોઈએ. હકીકતમાં દુઃખ તો પોતાના કારણે થાય છે અને તે દુઃખનું ક્ષેત્ર પોતાના શરીરપ્રમાણ છે. હકીકત એ છે કે જીવનો આકાર દેહપ્રમાણ છે. શરીરમાં વીંછી કરડવાથી, તે દેહમાં રહેવાવાળો જીવ મમત્વ કરે છે, તેના કારણે તેને દુઃખ થાય છે. પરંતુ બીજા જીવને તે દુઃખ થતું

**બહિર્વચનને છોડીને, અંતર્વચ સૌ છોડ;**
**સંક્ષેપે પરમાત્મનો દ્યોતક છે આ યોગ. ૧૭.** **–શ્રી સમાધિતંત્ર**

નથી. દરેક દ્રવ્ય અલગ-અલગ છે—એવું જેને ભાન નથી, તેને તો સત્ય વસ્તુનું પણ ભાન નથી.

અનેક મૂઢ જીવ એમ માને છે કે બધાનું અંતિમ ધ્યેય તો એક જ છે પરંતુ આ વાત ખોટી છે. બધા મળીને એક જ આત્મા છે, એવી માન્યતા તો મહાદુઃખી થવાનો રસ્તો છે. જેને પોતાના આત્માની સ્વતંત્રતાનું ભાન નથી, તે જીવને ધર્મ થઈ શકતો નથી.

**जीवो णाणसहावो जह अग्गी उण्हओ सहावेण।**
**अत्थंतरभूदेण हि णाणेण ण सो हवे णाणी ॥१७८॥**

અર્થ :—જેમ અગ્નિ સ્વભાવથી જ ઉષ્ણ છે તેમ જીવ છે તે જ્ઞાનસ્વભાવ છે; તેથી અર્થાન્તરભૂત એટલે પોતાથી જુદા પ્રદેશરૂપ જ્ઞાનથી જ્ઞાની નથી.

ભાવાર્થ :—નૈયાયિક આદિ છે તેઓ જીવનો અને જ્ઞાનનો પ્રદેશભેદ માની કહે છે કે ''આત્માથી જ્ઞાન ભિન્ન છે અને તે સમવાય તથા સંસર્ગથી એક થયું છે તેથી તેને જ્ઞાની કહીએ છીએ; જેમ ધનથી ધનવાન કહીએ છીએ તેમ.'' પણ આમ માનવું તે અસત્ય છે. આત્મા અને જ્ઞાનને, અગ્નિ અને ઉષ્ણતામાં જેવો અભેદભાવ છે તેવો, તાદાત્મ્યભાવ છે.

આ પ્રમાણે જીવને સ્વતંત્ર સિદ્ધ કરીને હવે 'જીવ, જ્ઞાનસ્વભાવી છે'—એમ કહે છે. પહેલા તો જીવનું સ્વક્ષેત્ર સિદ્ધ કર્યું, હવે જીવનો સ્વભાવ સિદ્ધ કરે છે.

જીવ પોતે જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન તેનો સ્વયંસિદ્ધ સ્વભાવ છે. શરીરાદિ અથવા રાગાદિ ભાવ, જીવનો સ્વભાવ નથી પરંતુ જ્ઞાન, જીવનો સહજ સ્વભાવ છે, માટે કોઈપણ બાહ્ય કારણથી જ્ઞાન થાય છે આ વાત રહેતી જ નથી. આત્મા અસંખ્યપ્રદેશી જ્ઞાનમૂર્તિ છે, તે પોતે જ જ્ઞાનસ્વભાવી છે, તેના સ્વભાવથી જ જ્ઞાન થાય છે. જ્ઞાનના પ્રદેશ જીવથી અલગ નથી. અલગ વસ્તુભૂત જ્ઞાનથી આત્મા જ્ઞાની થાય છે—એમ નથી. હકીકત એ છે કે આત્મા અને જ્ઞાનમાં ભેદ નથી. બંને અભિન્ન એક પ્રદેશી છે. જ્ઞાન કોઈ અલગ વસ્તુ છે—એમ નૈયાયિકો માને છે, એટલે તે એમ માને છે કે જ્ઞાન બહારથી આવે છે; હકીકતમાં તે જીવો મિથ્યાદૃષ્ટિ છે. આ પ્રમાણે કોઈપણ જૈનમતી એમ માને કે જ્ઞાન પુસ્તક, ગુરુ આદિ નિમિત્તો દ્વારા આવે છે તો તે પણ મિથ્યાદૃષ્ટિ જ છે, તેણે જ્ઞાનસ્વભાવી આત્માને જાણ્યો નથી. (જુઓ અનુસંધાન પેજ નં. ૨૭ ઉપર)

**રૂપ મને દેખાય જે, સમજે નહિ કંઈ વાત;**
**સમજે તે દેખાય નહિ, બોલું કોની સાથ? ૧૮.** **–શ્રી સમાધિતંત્ર**

# સ્વતંત્રતાની ઘોષણા

(ચાર બોલથી સ્વતંત્રતાની ઘોષણા કરતાં ખાસ પ્રવચન)

જુઓ, આ સર્વજ્ઞના ઘરના વિજ્ઞાનપાઠ છે; આવું વસ્તુસ્વરૂપનું જ્ઞાન તે જ સાચું પદાર્થવિજ્ઞાન છે. જગતના પદાર્થોનો સ્વભાવ જ એવો છે કે તે કાયમ એકરૂપે ન રહે, પણ પરિણમન કરીને નવી નવી અવસ્થારૂપ કાર્યને કર્યા કરે.—એ વાત ચોથા બોલમાં કહેશે. જગતના પદાર્થોનો સ્વભાવ એવો છે કે તે કાયમ રહે તેમ જ તેમાં ક્ષણે ક્ષણે નવી નવી અવસ્થારૂપ કાર્ય તેના પોતાના આશ્રયે થયા કરે. વસ્તુસ્વભાવનું આવું વિજ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે..

જીવને ઈચ્છા થઈ માટે હાથ હાલ્યો ને સો રૂપિયા દેવાયા એમ નથી.

ઈચ્છાનો આધાર આત્મા છે, હાથ અને રૂપિયાનો આધાર પરમાણુ છે.

રૂપિયા જવાના હતા માટે ઈચ્છા થઈ એમ પણ નથી.

હાથનું હલન–ચલન તે હાથના પરમાણુના આધારે છે.

રૂપિયાનું આવવું–જવું તે રૂપિયાના પરમાણુના આધારે છે.

ઈચ્છા થવી તે આત્માના ચારિત્રગુણના આધારે છે.

આ તો ભિન્ન–ભિન્ન દ્રવ્યના પરિણામની ભિન્નતાની વાત થઈ; અહીં તો તેથી આવી અંદરની વાત લેવી છે, એક જ દ્રવ્યના અનેક પરિણામો પણ એકબીજાના આશ્રયે નથી–એમ બતાવવું છે. રાગ અને જ્ઞાન બંને કાર્ય જુદા છે, એકબીજાના આશ્રયે નથી.

કોઈએ પ્રતિકૂળતા કરી કે ગાળ દીધી ને જીવને દ્વેષના પાપપરિણામ થયા, ત્યાં તે પાપના પરિણામ પ્રતિકૂળતાના કારણે થયા નથી, તેમ જ ગાળ દેનારાના આશ્રયે થયા નથી, પણ ચારિત્રગુણના આશ્રયે થયા છે, ચારિત્રગુણ તે વખતે તે પરિણામરૂપે પરિણમ્યો છે.

હવે, દ્વેષ વખતે તેનું જ્ઞાન થયું કે 'મને આ દ્વેષ થયો,'–તે જ્ઞાનપરિણામ જ્ઞાનગુણના આશ્રયે છે, ક્રોધના આશ્રયે નથી. જ્ઞાનસ્વભાવી દ્રવ્યના આશ્રયે જ્ઞાનપરિણામ થાય છે, અન્યના આશ્રયે નહિ. એ જ રીતે સમ્યગ્દર્શન પરિણામ,

**બીજા ઉપદેશે મને, હું ઉપદેશું અન્ય;**
**એ સૌ મુજ ઉન્મત્તતા, હું તો છું અવિકલ્પ. ૧૯.** **–શ્રી સમાધિતંત્ર**

સમ્યગ્જ્ઞાન પરિણામ, આનંદ પરિણામ વગેરેમાં પણ સમજવું. તે જ્ઞાનાદિ પરિણામો દ્રવ્યના આશ્રયે છે, અન્યના આશ્રયે નથી, તેમ જ પરસ્પર એકબીજાના આશ્રયે પણ નથી.

ગાળના શબ્દો કે દ્વેષ વખતે તેનું જ્ઞાન થયું, તે જ્ઞાન શબ્દોના આશ્રયે નથી કે ક્રોધના આશ્રયે નથી, તેનો આધાર તો જ્ઞાનસ્વભાવી વસ્તુ છે,—માટે તેના ઉપર મીટ માંડ તો તારી પર્યાયમાં મોક્ષમાર્ગ પ્રગટે; તે મોક્ષમાર્ગરૂપી કાર્યનો કર્તા પણ તું જ છો, અન્ય કોઈ નહિ.

અહો, આ તો સીધી ને સ્પષ્ટ વાત છે. બહારનાં ભણતર ન ભણ્યો હોય તોપણ આ સમજાય તેવું છે. જરાક અંદર લક્ષમાં લેવું કે આત્મા અંતરમાં અસ્તિરૂપ વસ્તુ છે, તેમાં અનંતગુણ છે; જ્ઞાન છે, આનંદ છે, શ્રદ્ધા છે, અસ્તિત્વ છે, એમ અનંત ગુણો છે. તે અનંત ગુણોના ભિન્ન-ભિન્ન જે અનંત પરિણામ સમયે સમયે થાય છે તે બધાનો આધાર પરિણામી એવું આત્મદ્રવ્ય છે, બીજી વસ્તુ તો તેનો આધાર નથી, પણ પોતામાં બીજા ગુણના પરિણામ પણ તેનો આધાર નથી,

—જેમકે શ્રદ્ધા પરિણામનો આધાર જ્ઞાનપરિણામ નથી કે જ્ઞાનપરિણામનો આધાર શ્રદ્ધા નથી, બંને પરિણામનો આધાર આત્મા છે. એમ સર્વ ગુણોના પરિણામમાં સમજવું.—આ રીતે પરિણામ તે પરિણામીનું જ છે, અન્યનું નહિ.

આ ૨૧૧ કળશમાં આચાર્યદેવે કહેલા વસ્તુસ્વરૂપના સિદ્ધાન્તના ચાર બોલમાંથી આ હજી બીજા બોલનું વિવેચન ચાલે છે. પ્રથમ તો કહ્યું કે 'परिणाम एव कर्म' અને પછી કહ્યું કે 'स भवति परिणामिन एव, न अपरस्य भवेत्' પરિણામ તે જ કર્મ છે, અને તે પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ.—આવો નિર્ણય કરીને સ્વદ્રવ્યસન્મુખ લક્ષ જતાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે.

સમ્યગ્દર્શનપરિણામ થયા તે આત્માનું કર્મ છે ને તે આત્મારૂપ પરિણામીના આધારે થયા છે. પૂર્વના મંદરાગના આશ્રયે કે વર્તમાનના શુભરાગના આશ્રયે તે સમ્યગ્દર્શન પરિણામ થયા નથી. જોકે રાગ પણ છે તો આત્માના પરિણામ, પણ શ્રદ્ધાપરિણામથી રાગપરિણામ અન્ય છે, તે શ્રદ્ધાના પરિણામ રાગના આશ્રયે નથી. કેમકે પરિણામ પરિણામીના જ આશ્રયે હોય છે. અન્યના આશ્રયે નહિ.

**ગ્રહે નહીં અગ્રાહ્યને, છોડે નહીં ગ્રહેલ,**
**જાણે સૌને સર્વથા, તે હું છું નિજવેદ્ય. ૨૦.**　　**–શ્રી સમાધિતંત્ર**

એ જ રીતે હવે ચારિત્ર પરિણામમાં—આત્મસ્વરૂપમાં તે ચારિત્રનું કાર્ય છે. તે કાર્ય શ્રદ્ધાપરિણામના આશ્રયે નથી, પણ ચારિત્રગુણધારી આત્માના આશ્રયે જ છે. દેહ વગેરેના આશ્રયે ચારિત્ર નથી.

શ્રદ્ધાના પરિણામ આત્મદ્રવ્યના આશ્રયે છે;

જ્ઞાનના પરિણામ આત્મદ્રવ્યના આશ્રયે છે;

સ્થિરતાના પરિણામ આત્મદ્રવ્યના આશ્રયે છે;

આનંદના પરિણામ આત્મદ્રવ્યના આશ્રયે છે;

બસ, મોક્ષમાર્ગના બધા પરિણામ સ્વદ્રવ્યના આશ્રયે છે, બીજાના આશ્રયે નથી; તે વખતે બીજા પરિણામ (રાગાદિ) હોય તેના આશ્રયે પણ આ પરિણામ નથી. એક સમયમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વગેરે અનંતગુણના પરિણામ તે ધર્મ, તેનો આધાર ધર્મી એટલે કે પરિણમનારી વસ્તુ છે; તે વખતે બીજા જે અનેક પરિણામ વર્તે છે તેના આધારે શ્રદ્ધા વગેરેના પરિણામ નથી. નિમિત્ત વગેરેના આધારે તો નથી જ પણ પોતાના બીજા પરિણામના આધારે પણ કોઈ પરિણામ નથી. એક જ દ્રવ્યમાં એક સાથે વર્તતા પરિણામમાં પણ એક પરિણામ બીજા પરિણામના આશ્રયે નથી; દ્રવ્યના જ આશ્રયે બધા પરિણામ છે, બધા પરિણામરૂપે પરિણમનારું દ્રવ્ય જ છે—એટલે દ્રવ્ય સામે જ લક્ષ જતાં સમ્યક્ પર્યાયો ખીલવા માંડે છે.

વાહ! જુઓ, આચાર્યદેવની શૈલી થોડામાં ઘણું સમાવી દેવાની છે. ચાર બોલના આ મહા સિદ્ધાન્તમાં વસ્તુસ્વરૂપના ઘણા નિયમો સમાઈ જાય છે. આ ત્રિકાળ સત્યના સર્વજ્ઞથી નિશ્ચિત થયેલા સિદ્ધાન્ત છે. અહો, આ પરિણામીના પરિણામની સ્વાધીનતા, સર્વજ્ઞદેવે કહેલા વસ્તુસ્વરૂપનું તત્ત્વ, સંતોએ એનો વિસ્તાર કરીને ગજબનાં કામ કર્યાં છે, પદાર્થનું પૃથક્કરણ કરીને ભેદજ્ઞાન કરાવ્યું છે. અંતરમાં આવું મંથન કરીને મેળ બેસાડે તો ખબર પડે કે અનંતા સર્વજ્ઞોએ અને સંતોએ આવું જ વસ્તુસ્વરૂપ કહ્યું છે ને આવું જ વસ્તુનું સ્વરૂપ છે. (ક્રમશઃ)



સ્થાણુ વિષે નરભ્રાન્તિથી થાય વિચેષ્ટા જેમ;
આત્મભ્રમે દેહાદિમાં વર્તન હતું મુજ તેમ. ૨૧. –શ્રી સમાધિતંત્ર

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને તે કેમ પ્રગટે ?

### (૩) વિકલ્પ રાખીને સ્વરૂપનો અનુભવ થઈ શકે નહિ.

અખંડાનંદ અભેદ આત્માનું લક્ષ નય દ્વારા થતું નથી. કોઈ મહેલમાં જવા માટે મોટર ગમે તેવી દોડાવે, પણ તે બંગલાના બારણા સુધી આવી શકે, મોટર સહિત બંગલામાં પેસી શકાય નહિ. ગમે ત્યાં સુધી આગળ લઈ જાય પણ છેવટે તો મોટરમાંથી ઉતરીને જાતે અંદર જવું પડે. તેવી રીતે નય-પક્ષના વિકલ્પોરૂપી મોટર ગમે તેટલી દોડાવે, 'હું જ્ઞાયક છું, અભેદ છું, શુદ્ધ છું' એવો વિકલ્પ કરે તોપણ તે વિકલ્પ સ્વરૂપના આંગણા સુધી લઈ જવાય, પરંતુ સ્વરૂપનો અનુભવ કરવા ટાણે તો તે બધા વિકલ્પ છોડી જ દેવા પડે. વિકલ્પ રાખીને સ્વરૂપનો અનુભવ થઈ શકે નહિ; નયપક્ષોનું જ્ઞાન તે સ્વરૂપના આંગણે આવવા માટે જરૂરનું છે. "હું સ્વાધીન જ્ઞાનસ્વરૂપી આત્મા છું, કર્મો જડ છે. જડ કર્મો મારા સ્વરૂપને રોકી શકે નહિ. હું વિકાર કરું તો કર્મોને નિમિત્ત કહેવાય, પણ કર્મો મને વિકાર કરાવે નહિ, કેમ કે બંને દ્રવ્યો જુદાં છે, તે કોઈ એક બીજાનું કરી શકે નહિ. હું જડનું કાંઈ ન કરું, જડ મારું કાંઈ ન કરે. રાગ-દ્વેષ થાય છે તે કર્મ કરાવતું નથી તેમ જ પરવસ્તુમાં થતાં નથી પણ મારી અવસ્થામાં થાય છે. તે રાગ-દ્વેષ મારો સ્વભાવ નથી, નિશ્ચયથી મારો સ્વભાવ રાગ રહિત જ્ઞાનસ્વરૂપ છે." આ પ્રમાણે બધાં પડખાંનું જ્ઞાન પહેલાં કરવું જોઈએ, પરંતુ આટલું કરે ત્યાં સુધી પણ ભેદનું લક્ષ છે. ભેદના લક્ષથી અભેદ આત્મસ્વરૂપનો અનુભવ થતો નથી, છતાં પહેલાં તે ભેદ જાણવા જોઈએ. એટલું જાણે ત્યારે તે સ્વરૂપના આંગણા સુધી આવ્યો છે. પછી જ્યારે અભેદનું લક્ષ કરે ત્યારે ભેદનું લક્ષ છૂટી જાય અને સ્વરૂપનું અનુભવન થાય એટલે કે અપૂર્વ સમ્યગ્દર્શન પ્રગટે. આ રીતે જોકે સ્વરૂપમાં ઢળતાં પહેલાં નયપક્ષના વિચારો હોય છે ખરા, પરંતુ તે નય-પક્ષના કોઈપણ વિચારો સ્વરૂપના અનુભવમાં મદદગાર થતા નથી.

### (૪) સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો સંબંધ કોની સાથે છે ?

સમ્યગ્દર્શન નિર્વિકલ્પ સામાન્ય ગુણ છે, તેને એકલા નિશ્ચય અખંડ સ્વભાવ સાથે જ સંબંધ છે, અખંડ દ્રવ્ય ભંગ-ભેદ રહિત છે તે જ સમ્યગ્દર્શનને માન્ય છે.

> સ્થાણુ વિષે વિભ્રમ જતાં થાય સુચેષ્ટા જેમ;
> ભ્રાન્તિ જતાં દેહાદિમાં થયું પ્રવર્તન તેમ. ૨૨.　　—શ્રી સમાધિતંત્ર

સમ્યગ્દર્શન પર્યાયને સ્વીકારતું નથી, પણ સમ્યગ્દર્શનની સાથે રહેતું જે સમ્યગ્જ્ઞાન છે તેનો સંબંધ નિશ્ચય-વ્યવહાર બંને સાથે છે. એટલે કે નિશ્ચય અખંડ સ્વભાવને તથા વ્યવહારમાં પર્યાયના જે ભંગ-ભેદ પડે છે તે બધાને સમ્યગ્જ્ઞાન જાણી લે છે.

સમ્યગ્દર્શન એક નિર્મળ પર્યાય છે, પણ 'હું એક નિર્મળ પર્યાય છું' એમ સમ્યગ્દર્શન પોતે પોતાને જાણતું નથી. સમ્યગ્દર્શનનો વિષય અખંડ એક દ્રવ્ય જ છે. પર્યાય તે સમ્યગ્દર્શનનો વિષય નથી.

પ્રશ્ન :—સમ્યગ્દર્શનનો વિષય અખંડ છે અને તે પર્યાયને સ્વીકારતું નથી તો પછી સમ્યગ્દર્શન વખતે પર્યાય ક્યાં ગઈ? સમ્યગ્દર્શન પોતે જ પર્યાય છે, શું પર્યાય દ્રવ્યથી જુદી પડી ગઈ?

ઉત્તર :—સમ્યગ્દર્શનનો વિષય તો અખંડ દ્રવ્ય જ છે. સમ્યગ્દર્શનના વિષયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ નથી. દ્રવ્ય-ગુણથી અભેદ વસ્તુ તે જ સમ્યગ્દર્શનને માન્ય છે. અભેદ વસ્તુનું લક્ષ કરતાં જે નિર્મળ પર્યાય પ્રગટી તે સામાન્ય વસ્તુ સાથે અભેદ થઈ જાય છે. સમ્યગ્દર્શનરૂપ જે પર્યાય છે તેને પણ સમ્યગ્દર્શન સ્વીકારતું નથી. એક સમયમાં અભેદ પરિપૂર્ણ દ્રવ્ય તે જ સમ્યગ્દર્શનને માન્ય છે. એકલા આત્માને સમ્યગ્દર્શન પ્રતીતમાં લ્યે છે. પરંતુ સમ્યગ્દર્શન સાથે પ્રગટતું સમ્યગ્જ્ઞાન સામાન્ય-વિશેષ સર્વેને જાણે છે. સમ્યગ્જ્ઞાન છે તે પર્યાયને તથા નિમિત્તને પણ જાણે છે. સમ્યગ્દર્શનને પણ જાણનારું તો સમ્યગ્જ્ઞાન જ છે.

**(૫) શ્રદ્ધા અને જ્ઞાન ક્યારે સમ્યક્ થયાં?**

ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવ એ કોઈ સમ્યગ્દર્શનનો વિષય નથી કેમ કે તે બધી પર્યાય છે. સમ્યગ્દર્શનનો વિષય પરિપૂર્ણ દ્રવ્ય છે, પર્યાયને સમ્યગ્દર્શન સ્વીકારતું નથી. એકલી વસ્તુનું જ્યારે લક્ષ કર્યું ત્યારે શ્રદ્ધા સમ્યક્ થઈ, પરંતુ જ્ઞાન સમ્યક્ ક્યારે થયું? જ્ઞાનનો સ્વભાવ સામાન્ય-વિશેષ સર્વને જાણવાનો છે. જ્યારે જ્ઞાને આખા દ્રવ્યને, ઊઘડેલી પર્યાયને અને વિકારને જેમ છે તેમ જાણીને, 'પરિપૂર્ણ સ્વભાવ તે હું, વિકાર રહ્યો તે હું નહિ' એમ ભેદ પાડીને વિવેક કર્યો ત્યારે તે સમ્યક્ થયું. (૧) સમ્યગ્દર્શનરૂપ ઊઘડેલી પર્યાયને, (૨) સમ્યગ્દર્શનના વિષયભૂત પરિપૂર્ણ વસ્તુને અને (૩) અને અવસ્થાની ઊણપને—એ ત્રણેને જેમ છે તેમ સમ્યગ્જ્ઞાન જાણે છે. અવસ્થાનો

**જે રૂપે હું અનુભવું નિજ નિજથી નિજમાંહી,**
**તે હું, નર-સ્ત્રી-ઇતર નહિ, એક-બહુ-દ્વિક નાહિ. ૨૩. –શ્રી સમાધિતંત્ર**

સ્વીકાર જ્ઞાનમાં છે આ રીતે સમ્યક્દર્શન તો એક નિશ્ચયને જ (અભેદ સ્વરૂપને જ) સ્વીકારે છે અને સમ્યગ્દર્શનનું અવિનાભાવી (સાથે જ રહેતું) સમ્યગ્જ્ઞાન નિશ્ચય-વ્યવહાર બંનેને બરાબર જાણીને વિવેક કરે છે. જો નિશ્ચય-વ્યવહાર બંનેને ન જાણે તો જ્ઞાન પ્રમાણ (સમ્યક્) થતું નથી. જો વ્યવહારનું લક્ષ કરે તો દૃષ્ટિ ખોટી ઠરે છે અને જો વ્યવહારને જાણે જ નહીં તો જ્ઞાન ખોટું ઠરે છે. જ્ઞાન નિશ્ચય-વ્યવહારનો વિવેક કરે છે તેથી તે સમ્યક્ છે અને દૃષ્ટિ વ્યવહારનું લક્ષ છોડીને નિશ્ચયને અંગીકાર કરે તો તે સમ્યક્ છે.

**(૬) સમ્યગ્દર્શનનો વિષય શું ? મોક્ષનું પરમાર્થ કારણ કોણ ?**

સમ્યગ્દર્શનના વિષયમાં મોક્ષપર્યાય અને દ્રવ્ય એવા ભેદ નથી, દ્રવ્ય જ પરિપૂર્ણ છે તે સમ્યગ્દર્શનને માન્ય છે. બંધ-મોક્ષ પણ સમ્યગ્દર્શનને માન્ય નથી. બંધ-મોક્ષની પર્યાય, સાધકદશાના ભંગ-ભેદ એ બધાને સમ્યગ્જ્ઞાન જાણે છે.

સમ્યગ્દર્શનનો વિષય પરિપૂર્ણ દ્રવ્ય છે, તે જ મોક્ષનું પરમાર્થ કારણ છે. પંચમહાવ્રતાદિને કે વિકલ્પને મોક્ષનું કારણ કહેવું તે તો સ્થૂળ વ્યવહાર છે, અને સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સાધક અવસ્થાને મોક્ષનું કારણ કહેવું તે પણ વ્યવહાર છે. કેમ કે તે સાધક અવસ્થાનો પણ જ્યારે અભાવ થાય છે ત્યારે મોક્ષદશા પ્રગટે છે, એટલે તે પણ અભાવરૂપ કારણ છે માટે વ્યવહાર છે.

ત્રિકાળી અખંડ વસ્તુ છે તે જ મોક્ષનું નિશ્ચયકારણ છે. પરંતુ પરમાર્થે તો વસ્તુમાં કારણ-કાર્યના ભેદ પણ નથી, કાર્ય-કારણના ભેદ પણ વ્યવહાર છે. એક અખંડ વસ્તુમાં કાર્ય-કારણના ભેદના વિચારથી વિકલ્પ આવે છે તેથી તે પણ વ્યવહાર છે; છતાં વ્યવહારપણે પણ કાર્ય-કારણ એવા ભેદ છે ખરા, જો કાર્ય-કારણ ભેદ સર્વથા ન જ હોય તો મોક્ષદશા પ્રગટાવવાનું પણ કહી શકાય નહિ. એટલે અવસ્થામાં સાધક-સાધ્યના ભેદ છે, પરંતુ અભેદના લક્ષ વખતે વ્યવહારનું લક્ષ હોય નહિ કેમ કે વ્યવહારના લક્ષમાં ભેદ આવે છે અને ભેદના લક્ષે પરમાર્થ અભેદસ્વરૂપ લક્ષમાં આવતું નથી; તેથી સમ્યગ્દર્શનના લક્ષ્યમાં ભેદ આવતાં નથી, એકરૂપ અભેદ વસ્તુ જ સમ્યગ્દર્શનનો વિષય છે. (ક્રમશઃ)

✻

**નહિ પામ્યે નિદ્રિત હતો, પામ્યે નિદ્રામુક્ત,**
**તે નિજવેદ્ય, અતીન્દ્રિ ને અવાચ્ય છે મુજ રૂપ. ૨૪.** **–શ્રી સમાધિતંત્ર**

# ગમે ત્યારે થાય ને આનંદ પમાડે એવું મજાનું કામ ''સ્વાધ્યાય''

વર્તમાનમાં સૌથી ઉત્તમ કાર્ય છે ''સ્વાધ્યાય''. તે તમે એકલા પણ કરી શકો છો; સ્વાધ્યાય વખતે તો આપણે આપણી વહાલી જિનવાણીમાતાના ખોળામાં બેઠા હોઈએ એવી શાંતિ થાય છે, ને આપણો થાક ઉતરી જાય છે. આપણે એકલા હોઈએ ત્યારે 'સ્વાધ્યાય' આપણો ખાસ સાથીદાર બની જાય છે ને આપણને આનંદ આપે છે. સ્વાધ્યાય વખતે 'પાનું ફરે ને શાંતિ ઝરે' છે. જિનવાણીની સ્વાધ્યાયથી આત્માને લાભ જ થાય છે, તેનાથી નુકશાન થતું નથી. તેથી તો જિનવાણીને 'હિતોપદેશી' કહેલ છે. એક નિર્વિકલ્પધ્યાન સિવાય સ્વાધ્યાયને સર્વોત્તમ કાર્ય ગણીને સર્વે સંતોએ તેનો ઉપદેશ કર્યો છે; સ્વાધ્યાયને પરમ તપ કહેલ છે. દરેક મુમુક્ષુ દરરોજ સ્વાધ્યાય કરે છે, એ તેનું પ્રિય અને નિર્દોષ કાર્ય છે. તેમાં કોઈ આરંભ કરવો પડતો નથી. મુનિઓ પણ તે કાર્ય કરે છે; સ્વાધ્યાય રાત્રે પણ થઈ શકે છે.... એ જ્યારે તમે આ વાંચી રહ્યા છો ત્યારે તમે પણ 'સ્વાધ્યાય' જ કરી રહ્યા છો ને ?

જેમ જિનમંદિરે જવું તે દરરોજનું કર્તવ્ય છે, તેમ સ્વાધ્યાય કરવી તે પણ તેટલું જ (અથવા તેથી પણ વધારે) ઉપયોગી દરરોજનું કર્તવ્ય છે.

આત્મતત્ત્વનું જ્ઞાન કરવા.... સ્વાધ્યાય કરો... સ્વાધ્યાય કરો.

મોહભાવનો નાશ કરવા ..... સ્વાધ્યાય કરો .... સ્વાધ્યાય કરો.

(સાક્ષી : પ્રભુ કુંદકુંદદેવની પ્રવચનસાર ગાથા ૮૬માં)

હે મુમુક્ષુ ! કદાચ ખાધા વગર રહેજે પણ સ્વાધ્યાય વગરનો દિવસ ગુમાવીશ મા ! થોડાક જિનવચનની સ્વાધ્યાયથી પણ તને જે શાંતિ મળશે—તે શાંતિ દુનિયામાં બીજે ક્યાંય નહીં મળે.

સ્વાધ્યાય એ પરમ તપ છે.

અર્થ :—પ્રવીણ પુરુષ જે શ્રી ગણધરદેવ તેમનાથી અવલોકન કરવામાં આવેલાં જે બાહ્ય-અભ્યંતર બાર પ્રકારના તપ છે, તેમાં સ્વાધ્યાય સમાન બીજું તપ કદી થયું નથી, થશે નહિ, અને થતું નથી. (ભગવતી આરાધના)



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—ધર્મ પ્રાપ્ત કરવા માટે પહેલાં શું નિર્ણય કરવો?

ઉત્તર :—ત્રિકાળી દ્રવ્યના આશ્રયે જ ધર્મ થાય છે એમ પહેલાં નિર્ણય કરવો જોઈએ, ભલે હજુ પહોંચી શકે નહિ પણ એના સંસ્કાર નાખવા જોઈએ જેથી પર તરફના વલણવાળા ભાવને અનુમોદે નહિ. પહેલા શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થાય છે, પછી જ ચારિત્ર થાય. છતાં લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા એટલે એને આકરું લાગે છે. કોઈ આત્માનો અનાદર નથી પણ એ ભાવ એને નુકશાન કર્તા છે. આત્મા સ્વભાવે તો પ્રભુ છે, ક્ષણમાં પલ્ટી જશે, એક ક્ષણની ભૂલ છે ને એક ક્ષણમાં ટાળી શકે છે.

પ્રશ્ન :—પરવસ્તુથી આત્માને લાભ-હાનિ છે નહિ. આત્માનું અકલ્યાણનું કારણ રાગ છે—એવું આપ કહો છો. શું તે રાગથી પણ અધિક અકલ્યાણનું કારણ કોઈ અન્ય પણ છે?

ઉત્તર :—કોઈ પણ વસ્તુ અથવા દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ આ જીવનું કલ્યાણ–અકલ્યાણનું કારણ નથી. માત્ર પોતાની પર્યાયમાં સાચી સમજ અને સ્થિરતા જ કલ્યાણનું કારણ છે, તથા મિથ્યા સમજ અને રાગાદિ જ અકલ્યાણનું કારણ છે. તોપણ રાગભાવથી જેટલું અકલ્યાણ થાય છે, તેની અપેક્ષાએ અનંતગણું અકલ્યાણ રાગથી આત્માને લાભ થાય છે, અથવા 'રાગમાં ધર્મ છે' આ જૂઠી માન્યતાથી થાય છે. આ ઉલ્ટી માન્યતાવાળા જીવ ત્યાગી અને પંડિત હોવા છતાં પણ મહા સંસારમાં ભટકે છે.

પ્રશ્ન :—ધર્મની શરૂઆત કોના આશ્રયથી થાય?

ઉત્તર :—લાખ પરદ્રવ્યનો આશ્રય કરે તો પણ ધર્મની શરૂઆત થાય નહિ, પણ એક સ્વદ્રવ્યનો આશ્રય કરે તો ધર્મની શરૂઆત થાય.

> જ્ઞાનાત્મક મુજ આત્મ જ્યાં પરમાર્થે વેદાય,
> ત્યાં રાગાદિવિનાશથી નહિ અરિ-મિત્ર જણાય. ૨૫. –શ્રી સમાધિતંત્ર

જે રીતે પર્યાય દ્રવ્ય તરફ ઢળે એ રીતે વાંચન, વિચાર, મનન, શ્રવણ બધું કરવું જોઈએ. મૂળ પ્રયોજન તો દ્રવ્ય તરફ ઢળવું એ જ છે.

પ્રશ્ન :—જીવનું મૂળ પ્રયોજન શું છે અને તેના કેટલા પ્રકાર છે?

ઉત્તર :—જીવનું મૂળ પ્રયોજન વીતરાગભાવ છે; વીતરાગભાવના બે પ્રકાર છે— (૧) દૃષ્ટિમાં વીતરાગતા અને (૨) ચારિત્રમાં વીતરાગતા. પહેલાં દૃષ્ટિમાં વીતરાગતા થાય છે. તે ક્યારે થાય? મારા અભેદ ચૈતન્યસ્વભાવમાં રાગ નથી, પર્યાયમાં રાગ થાય છે તે સમ્યગ્દર્શનનું—વીતરાગી દૃષ્ટિનું કારણ નથી, પણ તે રાગ સાથેની એકતા તો મિથ્યાત્વનું કારણ છે અને તે રાગનો આશ્રય છોડીને સ્વભાવની એકતા કરવી તે સમ્યક્ત્વનું કારણ છે. એ પ્રમાણે જાણીને અભેદ સ્વભાવની મુખ્યતા કરતાં વીતરાગી દૃષ્ટિ પ્રગટે છે, અને ત્યાં રાગનો નિષેધ સ્વયં વર્તે છે. વ્યવહારનો આશ્રય માનવો તે મિથ્યાત્વ છે, ને સ્વભાવના આશ્રયે વ્યવહારના આશ્રયનો લોપ કરવો તે સમ્યગ્દર્શન છે.

પ્રશ્ન :—દ્રવ્ય અનુસારી ચરણ અને ચરણ અનુસારી દ્રવ્ય એટલે શું?

ઉત્તર :—છઠ્ઠે ગુણસ્થાને જે શુદ્ધતા હોય તે દ્રવ્યના જ આશ્રયે હોય છે પણ અહીં રાગની મંદતા કેટલા અંશે છે તેના જ્ઞાનથી શુદ્ધતા કેટલી છે તેમ જોવે છે. આશ્રયનો અર્થ એમ નથી કે રાગના આશ્રયે ધર્મ થાય. શુદ્ધતા જેટલા પ્રમાણમાં હોય તેટલા પ્રમાણમાં રાગની મંદતા હોય છે અને રાગની મંદતા જેટલી હોય તેટલા પ્રમાણમાં શુદ્ધતા શુદ્ધતાના કારણે હોય છે. તેને દ્રવ્ય અનુસારી ચરણ ને ચરણ અનુસારી દ્રવ્ય તેમ પ્રવચનસારમાં કહ્યું છે.

પ્રશ્ન :—પરદ્રવ્યને જાણવા તરફ પરિણતિ જાય એટલે કે ઉપયોગ બહારમાં ભમે અને તે વખતે વીતરાગતા રહે—એમ બને?

ઉત્તર :—સ્વાશ્રયે જેટલી વીતરાગ પરિણતિ થઈ છે તેટલી વીતરાગતા તો પરજ્ઞેય તરફ લક્ષ વખતેય સાધકને ટકી જ રહે છે. પણ સાધકને પરજ્ઞેય તરફ ઉપયોગ વખતે પૂરી વીતરાગતા નથી, એટલે રાગ અને વિકલ્પ છે. પરજ્ઞેય તરફ ઉપયોગ જાય ને સંપૂર્ણ વીતરાગતા હોય એમ ન બને, ત્યાં રાગનો અવશ્ય સદ્ભાવ છે. પણ તે ભૂમિકામાં જેટલી વીતરાગતા થઈ છે તેટલી તો ત્યારે પણ ટકી રહે છે; જેમકે ચોથા ગુણસ્થાને પરલક્ષ વખતે પણ અનંતાનુબંધી રાગ-દ્વેષ તો થતા જ નથી; છઠ્ઠા ગુણસ્થાને પરલક્ષ વખતે ત્રણ કષાયો (સંજ્વલન સિવાયના) તો થતા જ નથી, એટલી વીતરાગતા ટકી રહે છે. કેવળી ભગવાન પરનેય જાણે છે પણ તેમને ઉપયોગ પરમાં મૂકવો પડતો નથી, સ્વમાં જ ઉપયોગ લીન છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—જ્ઞાનીને વૈરાગ્ય પરિણતિ શાંતિરૂપ છે?

સમાધાન :—વૈરાગ્ય પરિણતિ શાંતિરૂપ છે. વિભાવની પ્રવૃત્તિથી નિવૃત્તિ થાય અને સ્વભાવની પરિણતિ પ્રગટ થાય તે વૈરાગ્ય છે. સાચો વૈરાગ્ય તેનું નામ કે અંતરમાં જ્ઞાયકની પરિણતિ થાય અને વિભાવથી વિરક્તિ થાય. તે વૈરાગ્ય શાંતિમય દશા છે. દુઃખગર્ભિત વૈરાગ્યની જાત જુદી છે, તે દુઃખરૂપ પરિણતિ છે.

પ્રશ્ન :—સમ્યગ્દૃષ્ટિને અંદરની શુદ્ધિ વધતી જાય છે?

સમાધાન :—ભૂમિકા પ્રમાણે અંદરની અમુક શુદ્ધિ વધતી જાય છે. ભેદજ્ઞાન થઈ ગયું છે, સ્વરૂપાચરણ ચારિત્ર છે, અનંતાનુબંધી કષાય તૂટી ગયો છે અને શુદ્ધિ વધતી જાય છે, તેને ચૈતન્યનો આશ્રય ચોવીસે કલાક છે. ઉપયોગ બહાર જાય તો પણ તેની દોરી પોતે સ્વરૂપમાં ખેંચતો રહે છે. ક્ષણે ક્ષણે દોરીને પોતા તરફ ખેંચ્યા કરે છે, ઉપયોગની દોરીને સ્વરૂપની મર્યાદા છોડીને વધારે બહાર જવા દેતો નથી. દોરી તેના હાથમાં છે, વારંવાર ઉપયોગ બહાર જાય, પણ દોરી સ્વરૂપ તરફ ખેંચાતી રહે છે.

પતંગની દોરી જેમ હાથમાં છે અને તેને વારંવાર પોતા તરફ ખેંચે તેમ ઉપયોગની દોરીને પોતા તરફ ખેંચતો રહે છે. સ્વરૂપનો આશ્રય છે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ અને જ્ઞાન છે તથા ચારિત્રની લીનતામાં વારંવાર ઉપયોગની દોરીને પોતા તરફ ખેંચે છે, ક્ષણે ક્ષણે ખેંચતો હોય છે. સ્વરૂપને છોડીને ઉપયોગને વિશેષ બહાર જવા દેતો નથી. ક્ષણે ક્ષણે તેની પરિણતિનું કાર્ય ચાલ્યા જ કરે છે, તે કાર્ય છૂટતું નથી. સ્વાનુભૂતિની નિર્વિકલ્પદશા તો જુદી જ છે. પણ બહાર ઊભો ઊભો પોતાની દોરીને સ્વરૂપ તરફ ખેંચતો જ હોય છે. ઉપયોગ બહાર બધાં કાર્યોમાં દેખાય અર્થાત્ દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિ–પૂજા, શાસ્ત્ર-સ્વાધ્યાય, શ્રવણ વગેરેમાં જોડાય, પણ દોરી પોતાના હાથમાં જ છે. દોરીને વધારે બહાર ક્યાંય શુભ કે અશુભ કાર્યમાં જવા દેતો નથી.

**દેખે નહિ મુજને જનો, તો નહિ મુજ અરિ-મિત્ર;**
**દેખે જો મુજને જનો, તો નહિ મુજ અરિ-મિત્ર. ૨૬.** –**શ્રી સમાધિતંત્ર**

પ્રશ્ન :—જ્ઞાનીને રાગ શું કાળા નાગ જેવો લાગે છે?

સમાધાન :—હા, કાળા નાગ જેવો લાગે. પોતાના સ્વરૂપને છોડીને બહાર જવું તે કાળા નાગ જેવું લાગે છે. ખરેખર આ વિભાવ અમારો દેશ નથી, અમે અહીંયાં ક્યાં આવી ચડ્યા? અમારો ચૈતન્ય દેશ જુદો જ છે. રાગ તો કાળા નાગ–સર્પ જેવો લાગે છે.

પ્રશ્ન :—મુમુક્ષુ પાસે કઈ દોરી છે?

સમાધાન :—ક્ષણે ક્ષણે રુચિના પુરુષાર્થની દોરી મુમુક્ષુના હાથમાં હોય છે. મુમુક્ષુએ રુચિની દોરી હાથમાં રાખવી. રુચિ મંદ થઈ ન જાય તે જોવું, તેમ જ મુમુક્ષુને ન શોભે તેવાં બીજાં કાર્યોમાં જવું નહિ. આત્માર્થીનું પ્રયોજન એ છે કે મને આત્મા કેમ મળે? દરેક કાર્યમાં મને આત્મા કેમ મળે તે પ્રયોજન સાથે રાખવું. વચ્ચે બીજું માનાદિ લૌકિક કાર્યનું પ્રયોજન ન આવી જાય તેવી અંદર આત્માની રુચિ તેને હોય. જ્ઞાનીની તો જુદી જ વાત છે, તે તો દોરી અંદર ખેંચતો જ હોય છે. મુમુક્ષુને પણ આત્માની રુચિ–આત્માના પ્રયોજન સિવાય બીજું કાંઈ પ્રયોજન ન હોય. પોતાથી પુરુષાર્થ કરી શકાતો નથી, પણ પ્રયોજન આત્માનું છે.

પ્રશ્ન :—શુભાશુભભાવ રુચે નહિ તેને માર્ગ મળે કે નહીં?

સમાધાન :—શુભાશુભભાવમાં રુચે નહિ અને અંદર રસ્તો મળે નહિ એમ બને નહિ. અંતરમાં જેને ખરી લગની લાગી હોય તેને માર્ગ મળ્યા વગર રહેતો જ નથી. તેને જ્ઞાયક ગ્રહણ થયા વગર રહેતો જ નથી. અંતરમાં જો શુભાશુભભાવમાં ખરેખર આકુળતા લાગી હોય, અને ક્યાંય ચેન ન પડતું હોય તો તે આત્માને ગ્રહણ કર્યા વગર રહે નહિ. તે માર્ગ શોધી જ લે છે. ગુરુદેવે માર્ગ ચોખ્ખો બતાવ્યો અને પોતાને ગ્રહણ ન થાય તો પોતાના પુરુષાર્થની ખામી છે. માર્ગ ચોખ્ખો સ્પષ્ટ કરીને બતાવ્યો છે. જો સાચું દુઃખ લાગ્યું હોય તો ગ્રહણ કર્યા વગર રહેતો નથી. સાચી ભૂખ લાગી જ નથી, માટે ગ્રહણ કરતો નથી.

પ્રશ્ન :—મુમુક્ષુની ભૂમિકામાં શુભભાવ કેવો હોય છે?

સમાધાન :—મુમુક્ષુને એકત્વબુદ્ધિ છે, જુદો પડ્યો નથી. તે માને કે આ શુભાશુભભાવો તે મારું સ્વરૂપ નથી. આત્મા જુદો છે, નિર્વિકલ્પસ્વરૂપે છે, જ્ઞાયક જાણનારો છે, પણ તેની પરિણતિ પ્રગટ થઈ નથી એટલે શુભભાવમાં તે ઊભો છે. તેણે

> **એમ તજી બહિરાત્મને, થઈ મધ્યાત્મસ્વરૂપ;**
> **સૌ સંકલ્પવિમુક્ત થઈ, ભાવો પરમસ્વરૂપ. ૨૭.** –શ્રી સમાધિતંત્ર

વિચાર કરીને જે નિર્ણય કર્યો છે કે આ ભાવો તે મારું સ્વરૂપ નથી, તે નિર્ણય સાથે રાખીને આનાથી મને ધર્મ થાય છે, આ સર્વસ્વ છે, તેમ મુમુક્ષુ માને નહિ. તેને આત્મા ન્યારો રહેતો નથી, એકત્વબુદ્ધિ થઈ જાય છે, છતાં માન્યતા એમ રાખે કે આ સર્વસ્વ નથી, હેય છે, મારો સ્વભાવ નથી. તે એમ વિચારમાં રાખી શકે છે, પણ આત્મા ગ્રહણ થયો નથી તો ઊભો ક્યાં રહે! એટલે શુભભાવમાં ઊભો છે. આત્માનું જ કરવા જેવું છે, આ મારો સ્વભાવ નથી, આ વિકલ્પાત્મક પરિણતિમાં સુખ નથી, નિર્વિકલ્પસ્વરૂપ જે આત્મા તેમાં જ સુખ છે, એવી રુચિ રાખે, છતાં કાર્યમાં એકત્વબુદ્ધિ થાય છે. વિચારમાં હોય, નિર્ણયમાં હોય, પણ તેની પરિણતિ છૂટી પડી નથી. જે કાંઈ સમજતા નથી તે એકત્વબુદ્ધિએ સર્વસ્વ માને છે, તેની માન્યતા જ જુદી છે. તેની વિચારપૂર્વક પણ માન્યતા બરાબર નથી. મુમુક્ષુએ વિચારથી નિર્ણય કર્યો છે તો આગળ જવાનો અવકાશ છે. લગની લગાડે તો આગળ જવાનો અવકાશ છે.

પ્રશ્ન :—કેવું દુઃખ લાગે તો આત્મા પ્રાપ્ત થાય?

સમાધાન :—દુઃખ એટલે બહુ આકુળતા કરે એમ નહીં. અંદરથી પોતાની પરિણતિ એવી થઈ જાય કે ક્યાંય ટકે નહિ. અંતરમાં કાંઈક બીજું જોઈએ છે, શાંતિ ક્યાંય લાગે નહિ એમ પોતાને લાગવું જોઈએ. કૃત્રિમપણે દુઃખ છે....દુઃખ છે....એમ કર્યા કરે તે દુઃખ લાગ્યું કહેવાય નહિ. જે આત્માને ઓળખે તેને અનુકૂળતામાં પણ દુઃખ લાગે. અનુકૂળતા પણ કાંઈ આત્માને સુખ દેનારી નથી. તે પણ આકુળતારૂપ છે, પોતાનો સ્વભાવ નથી. અનુકૂળતા છે તે વિભાવની ઉપાધિ છે. દેવલોકનાં સુખ તે પણ ઉપાધિ છે, તે આત્માને સુખરૂપ નથી. સમ્યગ્દષ્ટિ દેવલોકમાં હોય, પણ તેને અંતર આત્મામાં સુખ લાગે છે, બહાર ક્યાંય સુખ લાગતું નથી. અનુકૂળતાના ઢગલા હોય તો પણ સમ્યગ્દષ્ટિને ક્યાંય સુખ લાગતું નથી. અનુકૂળતામાં ખેંચાઈ જતા નથી અને પ્રતિકૂળતામાં આકુળતા કરતા નથી, તેમાં શાંતિ રાખે છે, અજ્ઞાનદશામાં અનુકૂળતા વખતે ભ્રાન્તિને લઈને આમાં સુખ છે એમ માન્યું છે તેથી ખેંચાઈ જાય છે. કોઈને વળી વૈરાગ્ય આવે તો એમ લાગે કે અનુકૂળતા કાંઈ આત્માનું સ્વરૂપ નથી, પણ અંતરથી જે લાગવું જોઈએ તે જુદી વાત છે. અનુકૂળતામાં પણ આકુળતા અને ઉપાધિ છે. બહારથી જેટલું આવે તે આત્માને સુખરૂપ નથી. સ્વયં આત્માના સ્વભાવમાંથી—અંતરમાંથી જે સુખ આવે તે સાચું સુખ છે.

તે ભાવ્યે 'સોહમ્' તણા જામે છે સંસ્કાર;
તદ્‌ગત દૃઢ સંસ્કારથી આત્મનિમગ્ન થવાય. ૨૮.　　　—શ્રી સમાધિતંત્ર

## બાળ વિભાગ

# ભગવાન દેશભૂષણ અને કૂલભૂષણ

### (બે વૈરાગી રાજકુમારોની કથા)

અયોધ્યામાં શ્રી દેશભૂષણ અને કુલભૂષણ બે કેવળી ભગવંતો પધાર્યા.... રામચંદ્રજી વગેરે તેમનો ઉપદેશ સાંભળવા ગયા.... ત્યાં ભરતે દીક્ષા લીધી ને હાથીએ શ્રાવકના વ્રત લીધા. હવે તે દેશભૂષણ અને કુલભૂષણ ભગવંતોના અદ્‌ભુત જીવનની કથા કહીએ છીએ.

ભગવાન રામચંદ્રજીના વખતની વાત છે. સિદ્ધાર્થનગરીના રાજા ક્ષેમંકર અને રાણી વિમલા દેવી : તેમના બે પુત્રો : એક દેશભૂષણ અને બીજા કુલભૂષણ. બંને ભાઈઓને એકબીજા પ્રત્યે પરમ પ્રેમ છે,માત્ર આ ભવમાં નહિ પણ પૂર્વે અનેક ભવથી તેઓ એકબીજાના ભાઈ છે. બંને ભાઈઓ આત્માને જાણનારા છે ને પૂર્વભવના સંસ્કારી છે.

રાજાએ નાનપણથી જ બંનેને વિદ્યા ભણવા બહારગામ મોકલ્યા. પંદર વર્ષો સુધી બંને ભાઈઓ વિદ્યાભ્યાસમાં એવા મશગુલ હતા કે વિદ્યાગુરુ સિવાય બીજા કોઈને ઓળખતા ન હતા. વિદ્યા અભ્યાસ પૂરો કરીને જ્યારે બંને યુવાન કુમારો પાછા આવ્યા ત્યારે રાજાએ નગરીને શણગારીને તેમનું ભવ્ય સન્માન કર્યું ને તેમના વિવાહ માટે રાજકન્યાઓ પસંદ કરીને તૈયારી કરી.

બંને ભાઈઓની સ્વાગત–યાત્રા નગરીમાં ફરતાં ફરતાં રાજમહેલ પાસે આવી, ત્યાં ઝરૂખામાં એક અતિ સુંદર રાજકન્યા પ્રસન્નચિત્તે ઊભી હતી. તેનું અદ્‌ભૂત રૂપ દેખીને બંને રાજકુમારો તેના ઉપર મુગ્ધ બન્યા. તે રાજકન્યા પણ એકીટકે તેમને જોઈ રહી. બંનેનું અદ્‌ભુત રૂપ નીહાળી–નીહાળીને તે પણ ખૂબ પ્રસન્ન થતી હતી.

હવે એકસાથે આ દેશભૂષણ–કૂલભૂષણ બંને ભાઈઓને એમ થયું કે આ રાજકન્યા મારા માટે જ છે....તે મારા ઉપર પ્રસન્ન થઈ છે ને હું તેને પરણીશ; પરંતુ બીજો ભાઈ પણ એ રાજકન્યા ઉપર જ નજર માંડીને તેને રાગથી નીહાળી રહ્યો છે,– તે દેખીને તેના ઉપર દ્વેષ આવ્યો કે જો મારો ભાઈ આ કન્યા ઉપર દૃષ્ટિ કરશે તો હું તેને મારીને પણ આ રાજકન્યાને પરણીશ–આમ મનમાં ને મનમાં તેઓ એકબીજાને મારી નાખીને પણ રાજકન્યાને પરણવાનું વિચારતા હતા; બંનેનું ચિત્ત એક જ રાજકુમારીમાં એકદમ આસક્ત હતું. તેથી એકબીજાને કહેવા લાગ્યા કે 'આ

રાજકુમારીને હું પરણીશ, તું નહીં'. આમ હું.... તું કરતાં બંને ભાઈઓ હાથી ઉપર બેઠાબેઠા વાદવિવાદ કરવા લાગ્યા. કન્યાના મોહવશ બંને ભાઈઓ એકબીજા પ્રત્યેના પરમ પ્રેમને ભૂલી ગયા ને દ્વેષથી વર્તવા લાગ્યા; કન્યા ખાતર એકબીજા સામે લડવા ને મારવા તૈયાર થયા.

(અરે વિષયાસક્તિ! ભાઈ-ભાઈના સ્નેહને પણ તોડાવી નાખે છે! અરેરે! ચાર-ચાર ભવથી પરમ સ્નેહ રાખનારા બંને ભાઈઓ અત્યારે વિષયવશ એકબીજાને મારવા પણ તૈયાર થયા!)

એવામાં તો, અમુક શબ્દો કાને પડતાં બંને ભાઈઓ ચોંકી ઊઠ્યા.... જાણે વીજળી પડી હોય એમ બંને સ્તબ્ધ થઈ ગયા.... શું બન્યું!

તેમની સાથેના બુદ્ધિમાન મંત્રીએ, બંને રાજકુમારોને લડાઈ કરવાની તૈયારી કરતા દેખ્યા; બંનેની નજર રાજકુમારી તરફ લાગેલી છે—તે દેખીને, બુદ્ધિશાળી મંત્રી પરિસ્થિતિ સમજી ગયા કે આ બંને રાજકુમારી માટે લડે છે... તેમણે તરત જ કહ્યું : દેખો રાજકુમારો! સામે રાજમહેલના ઝરૂખામાં 'તમારી બેન' ઊભી છે, તે ઘણા વર્ષે તમને પહેલી જ વાર દેખીને અત્યંત પ્રસન્ન થઈ રહી છે : અહા! કેવા મજાના શોભે છે—મારા ભાઈઓ!—એમ એકીનજરે તેમને નીરખી રહી છે. તમે વિદ્યાભ્યાસ કરવા ગયેલા ત્યારે પાછળથી તેનો જન્મ થયેલો ત્યારે પાછળથી તેનો જન્મ થયેલો, તે તમારી બહેન તમને પહેલી જ વાર દેખીને કેવી ખુશ થાય છે! તમે પણ તેને પહેલી જ વાર જોઈ રહ્યા છો.....

''અરે! આ ઝરૂખામાં ઊભી-ઊભી અમારા સામે હસે છે તે રાજકુમારી, બીજી કોઈ નહિ પણ અમારી જ સગી બહેન છે!''—એમ જાણતાં જ બંને ભાઈઓના ચિત્તમાં જબરદસ્ત આંચકો લાગ્યો, લજ્જાથી તેઓ ઠરી જ ગયા! અરેરે! આ તો અમારી નાની બહેન! અમે એને કદી જોયેલી નહિ તેથી ઓળખી શક્યા નહિ, અજ્ઞાને લીધે અમારી બહેન ઉપર જ અમે વિકારથી મોહિત થયા! ને એકબીજાને મારવાના વિચાર કરવા લાગ્યા! અરે, વિષયાંધ થઈને અમે ભાઈ ભાઈનો સ્નેહ પણ ભૂલી ગયા! હાય રે! અમને આવા દુષ્ટ ભાવ કેમ થયા! અરેરે! આવા સંસારમાં શું રહેવું! જ્યાં એક ભવની સ્ત્રી બીજા ભવમાં બહેન કે માતા થાય, એક ભવની બહેન બીજા ભવમા સ્ત્રી વગેરે થાય. હવે આવા સંસારથી બસ થાઓ! અનેક દુઃખોથી ભરેલો આ સંસાર, જેમાં દુષ્ટ, મોહ જીવને અનેક નાચ નચાવે છે, અમને ધિક્કાર છે કે મોહવશ અમારી બેન

ઉપર જ અમને વિકાર થયો! હવે માતા-પિતાને અમે શું મોઢું બતાવીએ! આમ વિચારીને તેમને રાજમહેલમાં જતાં અત્યંત શરમ થઈ. એટલે સંસારને અસાર સમજી બંને ભાઈઓ તેનાથી અત્યંત વિરક્ત થયા તે ત્યાંથી જ પાછા વળીને જિનદીક્ષા લઈને મુનિ થયા. મુનિ દેશભૂષણ અને કુલભૂષણ આત્મસાધનામાં તત્પર હતા. મહાન તપના પ્રભાવે તેમને આકાશગામિની ઋદ્ધિ પ્રગટી હતી. તેઓ દેશોદેશ વિચરતા થકા પૃથ્વીને તીર્થરૂપ બનાવવા લાગ્યા..... તેમના પિતા બંને પુત્રોના વિરહમાં આહારનો ત્યાગ કરી, પ્રાણ છોડીને ભવનવાસી દેવમાં ગરુડેન્દ્ર થયા. (ક્રમશઃ) ❊

(અનુસંધાન પેજ નં. ૯ થી ચાલુ) (નિયમસાર)

તેની ક્ષણિક અવસ્થા છે, તે અવસ્થા જેટલી વસ્તુ નથી. વસ્તુ કાયમ રહીને તેની અવસ્થા સમયે સમયે બદલ્યા વિના રહે નહિ. આત્મા ત્રિકાળી વસ્તુ છે, તેની સમયે સમયે અવસ્થા બદલાય છે; એક સમયે એક જ અવસ્થા હોય છે. ત્યાં સ્થૂળ દૃષ્ટિવાળો વર્તમાન અવસ્થાને જ જુએ છે અને તે અવસ્થા જેટલું જ દ્રવ્ય માને છે—તેની દૃષ્ટિ ખોટી છે, પણ વર્તમાન અવસ્થા પાછળ રહેલું ત્રિકાળી તત્ત્વ છે તેને લક્ષમાં લેવું તે દ્રવ્યદૃષ્ટિ છે અને તે જ સત્યદૃષ્ટિ છે. (ક્રમશઃ)

(અનુસંધાન પેજ નં. ૧૨ થી ચાલુ) (વૈરાગ્યભાવના)

આત્મા, પોતે ત્રિકાળી જ્ઞાનસ્વરૂપી વસ્તુ છે, તેના જ્ઞાનસ્વભાવના આશ્રયથી જ જ્ઞાનપર્યાય ખીલે છે. જ્ઞાનસ્વભાવના દરેક સમયના પરિણમનથી જ્ઞાન થાય છે, તે જ્ઞાન બહારથી આવતું નથી. સમ્યગ્જ્ઞાનની પોતાની યોગ્યતા વખતે જ્ઞાની ગુરુ આદિ નિમિત્તરૂપે હોય છે પરંતુ તે નિમિત્તથી પોતાનામાં જ્ઞાન થયું નથી. પોતાનું જ્ઞાન તો પોતાના ત્રિકાળી સ્વભાવથી જ આવ્યું છે. જ્ઞાનગુણનો ત્રિકાળ વિવિધ પર્યાયરૂપ થવાનો સ્વભાવ છે. પરને કારણે જ્ઞાન થવાનું માનવાવાળા નૈયાયિક મતને માનવાવાળા સમાન મિથ્યાદૃષ્ટિ છે. વાણી આદિના અવલમ્બનથી જ્ઞાન થાય છે. જેણે એવું માન્યું છે તેણે ગુણ-ગુણીની એકતા નથી માની, તે મિથ્યાદૃષ્ટિ છે. (ક્રમશઃ) ❊

સંયમી જીવોને મનમાં, અસંયમી (અજ્ઞાની) જનોને દેખીને ઘણો સંતાપ થાય છે કે અરેરે! જુઓ તો ખરા, સંસારરૂપી કૂવામાં ડૂબવા છતાં આ જીવો કેમ નાચી રહ્યા છે! (આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત, રત્નમાળા, શ્લોક-૯)

# અખિલ સૌરાષ્ટ્ર દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ દ્વારા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના ૧૦૫મા મંગલ જન્મોત્સવની ઉજવણી સાનંદ સંપન્ન

(તા. ૨૪-૮-૨૦૧૮ શુક્રવારથી તા. ૨૮-૮-૨૦૧૮ મંગળવાર)

આપણા પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના અધ્યાત્મસાધનાતીર્થ સુવર્ણપુરીમાં અખિલ સૌરાષ્ટ્ર દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ દ્વારા આયોજિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનો ૧૦૫મો મહામંગલકારી જન્મોત્સવ અત્યંત ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. મુમુક્ષુ ભાઈ-બહેનોને આ ઉત્સવ ઉજવવાનો ઉત્સાહ ઘણો હતો. મહોત્સવના પ્રથમ દિવસે સુવર્ણપુરી સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના માંગલિક અને 'તું પરમાત્મા છો'ની વાણીથી ગુંજી ઉઠી તથા ધર્મમાતા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાથી મહોત્સવનો શુભારંભ થયો.

## ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

જન્મજયંતી ઉત્સવ માટે શ્રી સમવસરણ વિધાન પૂજાનું આયોજન પરમાગમમંદિરમાં કરવામાં આવ્યું હતું. તેમાં સમવસરણની રચના સુંદર કરવામાં આવી હતી. તેમાં શાસનનાયક ભગવાન શ્રી મહાવીરસ્વામીને બિરાજમાન કરવામાં આવ્યા હતા. તેમજ વિધિઅધ્યક્ષ શ્રી ભાવી તીર્થંકર ભગવાનની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં અધિકાંશ મુમુક્ષુઓએ લાભ લીધો હતો.

મહોત્સવના પાંચે દિવસે સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી સમયસાર ઉપર તથા રાત્રીના પૂજ્ય બહેનશ્રીના વચનામૃત ઉપર નિજાત્મહિતકારી સીડી પ્રવચનો રાખવામાં આવ્યા હતા. આ ઉત્સવમાં શ્રી અતુલભાઈ કામદાર, (હૈદ્રાબાદ), શ્રી રાજેન્દ્રભાઈ કામદાર (રાજકોટ), શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) તથા શ્રી નીતિનભાઈ શેઠ (વાંકાનેર) દ્વારા ધાર્મિક શિક્ષણવર્ગમાં અધ્યાપન કરાવવામાં આવ્યું હતું. ઉત્સવ દરમ્યાન રોજ બપોરના વિદ્વાનો દ્વારા શાસ્ત્રવાંચન રાખવામાં આવ્યું હતું. ઉત્સવ દરમ્યાન સાજે આયોજકના વિવિધ મંડળો દ્વારા મંડપમાં સાંજીભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં ભાવનગર, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર વગેરે મંડળો દ્વારા રોચક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું હતું.

### ભવ્ય રથયાત્રા

મહોત્સવના ચોથા દિવસે શ્રી ધાતકીખંડના ભાવિ તીર્થંકર ભગવાનની રથયાત્રાનું આયોજન થયું હતું. શ્રીજીના મંગળ રથ સાથે વિવિધ બગીઓ અને પારણાઝુલનના ફ્લોટ સાથેની આ રથયાત્રામાં આબાલ-વૃદ્ધ ભાઈઓ તથા બહેનો ભક્તિરસમાં તન્મય થઈને નૃત્ય કરતાં કરતાં ભાવવાહી ભજનો ગાતાં હતાં.

### * જન્મ મહોત્સવ શ્રાવણ વદ-૨નો અભૂતપૂર્વ કાર્યક્રમ *

પરમોપકારી પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રીનાં મહામંગળકારી જન્મ દિવસે વહેલી સવારે દેવ-શાસ્ત્ર-ગુરુદર્શન તથા પૂજ્ય બહેનશ્રીની ચર્ચા રાખવામાં આવી હતી. ત્યારબાદ શ્રી સમવસરણ

વિધાનનું સમાપન, પૂજ્ય ગુરુદેવશ્રીનું કલ્યાણકારી સીડી પ્રવચન, પછી પ્રાસંગિક જાહેરાત થઈ હતી. પૂજ્ય બહેનશ્રીની પધરામણીનો લાભ શ્રી છગનલાલ કાળીદાસ વાઘર પરિવાર, જામનગરને મળ્યો હતો. તથા પૂજ્ય બહેનશ્રીને પ્રથમ વધાવવાનો લાભ માતુશ્રી મરઘાબેન ધીરજલાલ શાહ પરિવાર, રાજકોટને મળ્યો હતો તથા પૂજ્ય બહેનશ્રીના વધામણાનો કાર્યક્રમ યોજાયો હતો.

ઉત્સવના દરેક કાર્યક્રમોમાં મુમુક્ષુભાઈ-બહેનો અત્યંત ઉલ્લાસથી ભાગ લેતા હતા.

આ મહોત્સવમાં શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર દ્વારા પ્રકાશિત પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી ભાગ-૩ સીડીનું વિમોચન સૌજન્યકર્તા શ્રીમતી કલાવતીબેન હસમુખભાઈ વોરા હસ્તે પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરા દ્વારા કરવામાં આવેલ હતું.

મહોત્સવ ઉજવવાનો આયોજક શ્રી અખિલ સૌરાષ્ટ્ર દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળનો ઉત્સાહ ખૂબ જ પ્રશંસાપાત્ર હતો. આયોજકો દ્વારા મુમુક્ષુઓ માટે આવાસ તથા ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ મહોત્સવનો સમગ્ર ખર્ચ આયોજક તરફથી આપવામાં આવ્યો હતો.

આ મહોત્સવ ઉજવવા માટે સૌરાષ્ટ્રના દિગમ્બર જૈન મંડળોને એકત્રિત કરી આ ઉત્સવ ઉજવવાનું ભગીરથ કાર્ય શ્રી રાજુભાઈ કામદારે કુશળતાથી પાર પાડેલ. તેમના આ કાર્ય બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા**
**શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા આયોજિત**

## સુવર્ણપુરીમાં અઢારમી 'બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર'નું આયોજન

પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા. ૨૫-૧૨-૧૮, મંગળવારથી તા. ૩૦-૧૨-૧૮, રવિવાર સુધી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા આયોજિત શ્રી મલાડ દિગંબર જૈન મુમુક્ષુ મંડળના સૌજન્યથી અઢારમી 'બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. તો દરેક મુમુક્ષુઓને નમ્ર વિનંતી કે તેઓ પોતાના બાળકો સાથે આ શિબિરનો લાભ લેવા માટે અવશ્ય પધારે. તથા દરેક મંડળોના કાર્યકર્તાઓને વિનંતી કે આ શિબિરનો લાભ લેવા માટે બાળકોને ઉત્સાહિત/પ્રેરણા કરી અધિક સંખ્યામાં પધારે. આ શિબિર પ્રસંગે તા. ૩૦-૧૨-૨૦૧૮ના રોજ એક દિવસ માટે શ્રી દિગમ્બર જિનમંદિર વિંછીયાના દર્શન-યાત્રા તથા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરનો વિગતવાર પરિપત્ર ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

શ્રી હસમુખભાઈ વોરા — પ્રમુખ

શ્રી જિતેન્દ્રભાઈ શાહ — સેક્રેટરી

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : | બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

આ વર્ષે પર્યુષણમહાપર્વ જ્ઞાનવૈરાગ્યભીની તત્ત્વોપાસના, મુનીન્દ્રમહિમા, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ઉપકારમહિમાની દૃષ્ટિથી પ્રભાવનાપૂર્ણ રહ્યું. પર્યુષણપર્વની આરાધના માટે બહારગામથી અનેક મુમુક્ષુ મહેમાનો પધાર્યા હતા. વિધાનપૂજાના સમયે પરમાગમમંદિર તથા પ્રવચનના સમયે સ્વાધ્યાયમંદિર ભરાઈ જતું હતું. ક્ષમાવણીપર્વના દિવસે, આ સાધનાતીર્થની પવિત્ર યાત્રા તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ ક્ષમાવણીસ્તુતિપૂર્વક ક્ષમાયાચના માટે બહારગામથી ઘણા મુમુક્ષુ મહાનુભાવ આવ્યા હતા.

**✻ 'સમયસાર ગુજરાતી અનુવાદ'ની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ : વિજ્યાદશમી ✻**

શ્રી સમયસાર પરમાગમના કરાયેલ અનુવાદની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ આસો સુદ ૧૦ (દશેરા) તા. ૧૯-૧૦-૨૦૧૮ શુક્રવારના રોજ સમયસારની વિશેષ ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

**✻ મહાવીરનિર્વાણ-પંચાહ્નિક-મહોત્સવ :** પ્રતિવર્ષાનુસાર 'શ્રી મહાવીર નિર્વાણ-કલ્યાણક'—દીપાવલીનો મંગલ અવસર આસો વદ અગિયારસ, શનિવાર તા. ૩-૧૧-૨૦૧૮ થી આસો વદ ૩૦, બુધવાર તા. ૭-૧૧-૨૦૧૮, પાંચ દિવસ સુધી 'શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણકમંડલ વિધાનપૂજા', મહાવીર જિનેન્દ્રભક્તિ તથા અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**✻ સુપ્રભાત દિન :** કારતક સુદ એકમ–નૂતન વર્ષારંભનો 'સુપ્રભાતદિન' તા. ૮-૧૧-૨૦૧૮, ગુરુવારના દિવસે સુપ્રભાતસ્તોત્ર, પૂજાભક્તિ તથા ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

**✻ કાર્તિકી-નંદીશ્વર-અષ્ટાહ્નિકા** : કારતક સુદ ૮, ગુરુવાર, તા. ૧૫-૧૧-૨૦૧૮ થી કારતક સુદ ૧૫, શુક્રવાર, તા. ૨૩-૧૧-૨૦૧૮—નવ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

## (૬૩)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો)

(૧) ............થી જ વસ્તુના યથાર્થ સ્વરૂપની ઓળખાણથી જ અનાદિકાળથી રાગદ્વેષ સાથે એકાકારરૂપે પરિણમતો આત્મા ભિન્નપણે અનુભવમાં આવે છે.
(શાસ્ત્ર અભ્યાસ, જ્ઞાન, તત્ત્વવિચાર)

(૨) પૂજ્ય ગુરુદેવશ્રી કહેતા કે આ........... શાસ્ત્ર આગમોનું પણ આગમ છે, લાખો શાસ્ત્રોનો નિચોડ એમાં રહેલો છે, સાધકની એ કામધેનુ છે, ચૌદ પૂર્વનું રહસ્ય એમાં સમાયેલું છે. (પંચાસ્તિકાય, સમયસાર, તત્ત્વાર્થસૂત્ર)

(૩) છઠ્ઠાથી ................ ગુણસ્થાન સુધી મુનિદશા હોય છે.
(ચૌદમા, અગિયારમા, બારમા)

(૪) પૂજ્ય ગુરુદેવશ્રી શુદ્ધાત્માનો અપાર મહિમા બતાવતા કહે છે કે સ્વભાવ—સામર્થ્ય અપેક્ષાએ વર્તમાનમાં જ તું .............. છો. (દેવ, પરમાત્મા, ચૈતન્ય ચક્રવર્તી)

(૫) કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી ચાર અઘાતિકર્મોમાં......... કર્મની સ્થિતિ અલ્પ હોય તો કેવળી સમુદ્ઘાત થાય છે. (આયુ, વેદનીય, ગોત્ર)

(૬) સુવર્ણપુરી સોનગઢથી આત્મધર્મ માસિક વિ.સં. ................ ની સાલમાં માગશર માસમાં પ્રથમ પ્રકાશનની શરૂઆત થયેલ. (૨૦૦૦, ૨૦૦૨, ૨૦૦૫)

(૭) ૪૭ શક્તિમાં—જેનો પ્રતાપ અખંડિત છે એવા સ્વાધિનતાથી શોભાયમાનપણું જેનું લક્ષણ છે તે ................ શક્તિ છે. (વિભુત્વ, પ્રભુત્વ, ચિતિ)

(૮) શ્રાવકની અગિયાર પ્રતિમામાં નવમી પ્રતિમાને ધારણ કરનાર ............. શ્રાવક કહેવાય છે. (ઉત્તમ, મધ્યમ, જઘન્ય)

(૯) ................ ગુણસ્થાનના અંતમાં સર્વઘાતિકર્મોનો નાશ થઈ જાય છે.
(બારમા, ચૌદમા, અગિયારમાં)

(૧૦) અપ્રત્યાખ્યાન કષાયનો વાસનાકાળ ................ સુધી ટકી રહે છે.
(પંદર દિવસ, અંતર્મુહૂર્ત, છ મહિના)

(૧૧) અનંતાનુબંધી કષાયનો ઉદય........... ગુણસ્થાન સુધી હોય છે.
(બીજા, પહેલા, ત્રીજા)

(૧૨) જિનેન્દ્રદેવના દર્શનનો મહિમા બતાવતી ................ ની કથા પ્રસિદ્ધ છે.
(મનોવતી, રેવતીરાણી, સુદર્શન શેઠ)

(૧૩) જ્યારે જીવ, આત્મા અને આસ્રવોનો તફાવત અને ભેદને જાણે ત્યારે તેને ............ થતો નથી. (પાપભાવ, કષાય, બંધ)

(૧૪) પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત બોલ નં. ૧૩૮માં આવે છે કે "ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે, જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક એની જ રુચિ હોય તો ............ નું વલણ થયા વિના રહે નહીં." (આત્મા, પુરુષાર્થ, દ્રવ્યદૃષ્ટિ)

(૧૫) દેવદત્તનું મકાન એમ કહેવું એ ................ વ્યવહાર નયનું કથન છે. (અનુપચરિત અસદ્ભૂત, ઉપચરિત અસદ્ભૂત, ઉપચરિત સદ્ભૂત)

(૧૬) પદાર્થોમાં વિશેષપણું કર્યા વિના અર્થાત્ વિકલ્પ કર્યા વિના પદાર્થોનું સામાન્યરૂપથી ગ્રહણ તેને ............ કહે છે. (જ્ઞાન, દર્શન, ચૈતન્ય)

(૧૭) રાગાદિના ઉદયમાં જે એકાકારરૂપ પરિણમતો નથી પરંતુ, આ પુદ્ગલ કર્મરૂપ રાગના વિપાકરૂપ ઉદય છે, એ મારો ભાવ નથી, હું તો એક જ્ઞાયકભાવ છું એમ ................ અનુભવે છે. (મિથ્યાદૃષ્ટિ, કેવળજ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ)

(૧૮) સત્ લક્ષણવાળું દ્રવ્ય ............. હોવાથી સ્વતંત્ર છે. (અસ્તિત્વગુણવાળું, સ્વતઃસિદ્ધ, પરિપૂર્ણ સામર્થ્યવાળું)

(૧૯) જેમ ચિત્રકાર અનેક પ્રકારનાં ચિત્રો બનાવે છે તેમ .......... કર્મના નિમિત્તે મનુષ્ય, દેવ આદિ અવસ્થાઓ થાય છે. (ગોત્ર, નામ, આયુ)

(૨૦) જેમ અગ્નિની એક નાની ચિનગારી વિશાળ વનને બાળી દે છે તેમ સમ્યગ્દર્શન-રૂપી ચિનગારી ક્ષણમાત્રમાં અનંત.......... ને ભસ્મ કરી દે છે. (દુઃખ, મોહ, કર્મ)

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન ઓગસ્ટ–૨૦૧૮ના ઉત્તર

(૧) જ્ઞાન
(૨) સમતા
(૩) ૧૮
(૪) ચારિત્ર
(૫) મુનિ
(૬) ભાવ
(૭) અશરણ
(૮) ઔદયિક
(૯) અંતર્મુહૂર્ત
(૧૦) સમયસાર
(૧૧) નિત્ય
(૧૨) સંશય
(૧૩) સ્વભાવ
(૧૪) પર્યાય
(૧૫) બધા જ
(૧૬) ચારિત્ર મોહનીય
(૧૭) છ આવલી
(૧૮) આયુષ્ય
(૧૯) નિયમસાર
(૨૦) નિર્જરા

## (૬૩)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૧) ભગવાનની પૂજામાં ............... દ્રવ્ય વપરાય છે.

(૨) અષ્ટાહ્નિકા પર્વ વર્ષમાં .................. વાર આવે છે.

(૩) પરમ પૂજ્ય કાનજીસ્વામીએ દીક્ષા............ માં લીધી હતી.

(૪) .................. નંદીશ્વરમાં પૂજા કરવા જઈ શકતા નથી.

(૫) રાગ અને દ્વેષ એ ............ ભાવો છે.

(૬) ચંપાપુરથી .................. ભગવાન મોક્ષ ગયા છે.

(૭) ભરતક્ષેત્ર ................ દ્વીપમાં છે.

(૮) બાલબ્રહ્મચારી પાંચ તીર્થંકર (૧)...................... (૨) ....................... (૩) .................. (૪) .................... (૫) ......................... હતા.

(૯) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો જન્મ ...................માં થયો હતો. તેનું બીજું નામ ................... છે.

(૧૦) આદિનાથ ભગવાનનું ચિહ્‌ન ................. છે.

(૧૧) ................ ગતિમાંથી જ સિદ્ધ થવાય છે.

(૧૨) સોનગઢમાં સ્વાધ્યાયમંદિરમાં સમયસારની સ્થાપના ....................... હસ્તક થઈ હતી.

(૧૩) ....................... અનુયોગ છે.

(૧૪) મંદિરમાં પ્રવેશ કરતી વખતે............................ ત્રણ વખત બોલવું જોઈએ.

(૧૫) ભરત ચક્રવર્તી તથા બાહુબલી ..................... ભગવાનના પુત્ર હતાં.

(૧૬) સૌથી મોટું પાપ ................................ છે.

(૧૭) પૂજ્ય ગુરુદેવશ્રીએ કુંદકુંદાચાર્યદેવને ...........................ક્ષેત્રમાં જોયા હતા.

(૧૮) ધર્મની શોભા વિશેષણ પૂજ્ય ગુરુદેવશ્રીએ.........................ને આપ્યું હતું.

(૧૯) પર્યુષણ પર્વના............ દિવસો હોય છે.

(૨૦) અષ્ટાપદ (કૈલાસ) પર્વતથી .............................. ભગવાન મોક્ષ ગયા છે.

## બાળકો માટેના આપેલ પ્રશ્ન સપ્ટેમ્બર – ૨૦૧૮ના ઉત્તર

(૧) ઉમરાળા,
(૨) સિદ્ધ, ઉપાધ્યાય,
(૩) શત્રુંજય,
(૪) ૨૪,
(૫) સિંહ,
(૬) અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય,
(૭) દેવ, નરક,
(૮) છ, સાત,
(૯) આદિનાથ,
(૧૦) જ્ઞાન,
(૧૧) બાહુબલી,
(૧૨) મિથ્યાત્વ.
(૧૩) પાર્શ્વનાથ, મહાવીર જયંતી,
(૧૪) ભરત, બાહુબલી,
(૧૫) ચાર ઘાતિ,
(૧૬) આત્મામાં,
(૧૭) નેમિનાથ,
(૧૮) જ્ઞાન,
(૧૯) સમયસાર, નિયમસાર, પ્રવચનસાર,
(૨૦) અશરીરી,

## વૈરાગ્ય સમાચાર :–

રાણપરડા નિવાસી શ્રી રામજીભાઈ ભગવાનભાઈ રાઠોડનું દેહ પરિવર્તન થયેલ છે.

ગઢડા નિવાસી (હાલ હૈદ્રાબાદ) કુંદનબેન વસંતભાઈ કામદાર (–તેઓ શ્રી વસંતભાઈ જગજીવનદાસ કામદારના ધર્મપત્ની) (ઉ.વ. ૭૭) તા. ૧૯-૭-૨૦૧૮ના રોજ ધર્મધ્યાન કરતા કરતાં દેહપરિવર્તન થયેલ છે.

સાંતાક્રુઝ(મુંબઈ) નિવાસી જયલક્ષ્મીબેન મણીલાલ શાહ (ઉ.વ. ૧૦૨) તા. ૪-૯-૨૦૧૮ના રોજ શાંત પરિણામપૂર્વક ધર્મધ્યાન કરતાં-કરતાં દેહપરિવર્તન કરેલ છે.

અમદાવાદનિવાસી શ્રીમતી પુષ્પાબેન વિનોદચંદ્ર દોશી (ઉ.વ. ૭૫)નું દેહપરિવર્તન તા. ૬-૯-૨૦૧૮, ગુરુવારના રોજ થયેલ છે. છેલ્લા દિવસો સુધી જાગૃત અવસ્થામાં જ્ઞાયકનું રટણ તથા પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને યાદ કરી રસપાન કરતા હતાં. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૯મી જન્મજયંતી ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવી હતી.

વઢવાણ નિવાસી (હાલ સુરત) પ્રફુલ્લચંદ્ર નંદલાલ ધોળકીયા (ઉ.વ. ૮૦) તા. ૧૭-૯-૨૦૧૮ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● મૂળ ચીજ ધ્રુવવસ્તુ એવી ઝીણી છે કે એ ઝીણી ચીજ તેના હાથમાં આવે એટલે બસ! તેને અમૃતના વરસાદ વરસ્યા. ૩૧૭.

● સ્મશાનમાં ફૂલેલા મડદા પડ્યા હોય તેમાં કાળા કાગડાને મજા લાગે છે. તેમ આ રુષ્ટપુષ્ટ દેખાતા શરીરો ફૂલેલાં મડદા છે તેમાં સુખ માને છે તે બધા કાળા કાગડા સમાન છે. ૩૧૮.

● હે નાથ! ચક્રવર્તીની આજ્ઞા ફરે, પણ આપની આજ્ઞા ન ફરે. સર્વજ્ઞની આજ્ઞા બહાર કોઈ દ્રવ્ય પરિણમવા સમર્થ નથી. ૩૧૯.

● શરીરની ક્રિયાથી ને રાગની ક્રિયાથી આત્માને ઓળખાવવો તે આત્માનું અપમાન છે. ૩૨૦.

● કર્મથી વિકાર થાય એમ જેણે માન્યું, અરેરે! તેણે આત્માનું ખૂન કરી નાખ્યું છે. ૩૨૧.

● જેના જ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણનારા ભગવાન બેઠા તેને ભવ હોય જ નહિ. કેમકે તેનું જ્ઞાન સર્વજ્ઞ સ્વભાવમાં જ ઢળે છે. ૩૨૨.

● લાકડાના, લોઢાના, અગ્નિના, જળના, વિજળીના સ્વભાવનો જીવ ભરોસો કરે છે. દવાની ગોળીનો ભરોસો કરે છે, જેનાથી પરમાં કાંઈ થતું નથી છતાં તેનો ભરોસો જીવ કરે છે, તો જેનામાં આશ્ચર્યકારી એક જ્ઞાનશક્તિ છે. એવી એવી અનંતી શક્તિઓમાં વ્યાપક ભગવાન આત્મા અચિંત્ય શક્તિ સામર્થ્યવાન છે એનો ભરોસો કરે તો ભવભ્રમણ છૂટી જાય. ૩૨૩.

● અમે સર્વજ્ઞ છીએ અને તારા પેટમાં પણ સર્વજ્ઞપદ પડ્યું છે. સ્વભાવમાં પડેલા સર્વજ્ઞ પદનો આદર થયો તેમાં અનંતા સર્વજ્ઞનો આદર આવી ગયો—એમ સર્વજ્ઞ કહે છે. ૩૨૪.


● મવાળો (વાળ) ચોરવાની તો શું વાત! પણ આ તો પરમાણુને ચોરવાની વાત છે. પરમાણુ શું પણ તેની અનંતી પર્યાયને ચોરવાની વાત છે. એક પર્યાયને બીજી પર્યાયની સહાય નથી. આત્માના અનંતા ગુણની પર્યાયમાં એક પર્યાયને બીજી પર્યાય સહાયક નથી. અહો! આ તો જૈનદર્શનના પેટની સ્વતંત્રતાની મૂળ વાત છે. ૩૨૬

૩૬

આત્મધર્મ
ઓક્ટોબર-૨૦૧૮
અંક-૨ ● વર્ષ-૧૩

Posted at Songadh PO
Publish on 1-10-2018
Posted on 1-10-2018

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org